સુવિચાર
''કરૂણતા એ છે કે, ખોટી વાત ફેલાવવા માણસ નથી રાખવા પડતા ને સાચી વાત સાબિત કરવા વકીલની જરૂર પડે છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૯/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ ભાદરવા સુદ-૧ વર્ષ : ૧૭ અંક : ૨૨૮


## શહેરની રહેણાંક ગલીઓથી લઈને જાહેર માર્ગો ઉપર સતત ટોળા ફરી રહ્યા છે

# અમરેલીમાં રખડુ શ્વાન અને ભટકતા ગૌવંશની સમસ્યા દૂર કરો

**શહેરનાં વૃધ્ધો, મહિલાઓ અને બાળકોને ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું**

**છેલ્લા ૧૦ વર્ષથી સતત સમસ્યા છતાં પણ શાસકો નિરાકરણ કરતા નથી**

**વિશાળ વહીવટીતંત્ર શહેરમાં રખડતાં ૪ થી ૫ હજાર પ્રાણીને સલામત કરી શકતુ નથી**

**શહેરમાં રખડતાં પ્રાણીઓ સલામત થાય તો શહેરીજનો પણ સલામત રહે**



અમરેલી, તા. ૧૧

અમરેલી શહેરમાં એક દાયકા કરતાં પણ વધુ સમયથી પાંચ હજાર જેટલા રખડુ શ્વાન અને ગૌવંશની સમસ્યા જોવા મળી રહી છે છતાં પણ વિશાળ વહીવટીતંત્ર આ સમસ્યાનું નિરાકરણ કરી શકતું નથી.

શહેરની રહેણાંક ગલીઓથી લઈને જાહેર માર્ગો પર રખડુ શ્વાન અને ભટકતા ગૌવંશનાં ટોળા આંટાફેરા કરતાં હોય વૃધ્ધો, બાળકો અને મહિલાઓને ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે.

મોર્નિંગ વોક કે ઈવનીંગવોકમાં નીકળતી મહિલાઓ અને વૃધ્ધોને હાથમાં સ્ટીક લઈને નીકળવું પડે તેવી ગંભીર સ્થિતિ ઉભી થઈ છે. રખડુ શ્વાન અને ગૌવંશને લઈને શહેરમાં ગંદકી પણ ફેલાઈ રહી છે અને નાના-મોટા અકસ્માત પણ થઈ રહ્યા છે. તો રખડુ શ્વાનનાં દિવસ-રાત ભસવાથી શહેરીજનોની શાંતિ અને ઊંઘમાં પણ વિક્ષેપ થઈ રહ્યો છે.

શહેરમાં રખડતા પ્રાણીઓને સલામત સ્થળે ખસેડવામાં આવે તો શહેરનાં દોઢ લાખ નાગરિકો પણ શાંતિ, સલામતી અનુભવે.

વિશાળ વહીવટીતંત્ર ધારે તે કાર્ય કરી શકે તેમ છે. પરંતુ, ઈચ્છાશકિતનાં અભાવે શહેરનાં દોઢ લાખ નાગરિકો અને પાંચ હજાર જેટલા પ્રાણીઓ પણ હેરાન-પરેશાન થઈ રહ્યા છે.

## ચલાલાથી ઘર તરફ પરત ફરતા હોય

# ગોપાલગ્રામનાં આધેડનું બાઈક ખાળીયામાં પડી જતાં મોત

**માથાનાં ભાગે ગંભીર ઈજા થવાથી મોત**

અમરેલી, તા. ૧૧

ધારી તાલુકાના ગોપાલગ્રામ ગામે રહેતા ભુપતભાઈ ઘોહાભાઈ વાળા નામના ૫૫ વર્ષીય આધેડ ગત તા. ૧૦ના બપોરના ૧૨:૩૦ વાગ્યાના સમયે ચલાલાથી ગોપાલગ્રામ તરફ જતા દિલુભાઈ વાળાની વાડી પાસે જાહેર રોડ ઉપર પોતાના હવાલાવાળું મોટર સાયકલ

અનુસંધાન પાના ૬ ઉપર

## કાકા-ભત્રીજો બાઈક પર જતાં હોય પુરપાટ ધસી આવેલ કારે હડફેટે લીધા

# કુંકાવાવ પાસે હીટ એન્ડ રન : ૩૫ વર્ષિય યુવાનનું કરૂણ મોત, સગીર ભત્રીજો ગંભીર

**યુવાને રાજકોટમાં સારવાર દરમિયાન દમ તોડયો, ભત્રીજો સરવારમાં : પોલીસ દોડી**

અમરેલી, તા. ૧૧

બગસરાનાં મોટી કુંકાવાવ ગામે રહેતા કાકા-ભત્રીજો બાઈક પર જતાં હતા. દરમિયાન વાઘણીયા-કુંકાવાવ પાસે અજાણ્યા કારચાલકે ઠોકરે લેતા બંને ફંગોળાઈ રોડ પર પટકાતા ગંભીર રીતે ઘવાયા હતા. જેથી બંનેને સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન કાકાએ દમ તોડી દીધો હતો. જયારે ૧૩ વર્ષનો ભત્રીજો સારવાર હેઠળ છે. બનાવ અંગે સ્થાનિક પોલીસે ગુનો નોંધવા અને અકસ્માત સર્જી નાસી ગયેલા કારચાલકને શોધી કાઢવા તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ, બગસરાના મોટી કુંકાવાવ ગામે રહેતા હરેશભાઈ બાબુભાઈ તલસાણીયા (ઉ.વ. ૩૫) અને તેમનો ભત્રીજો કૌશિક સુરેશભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર


સુશ્રુત આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો
માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
તમામ પ્રકારના વાં (દુઃખાવા), સ્ત્રીરોગ
વગેરેમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

પાર્ટ ટાઈમ કમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે
પેજમેકર
ફોટોશોપ
કોરલડ્રોનો
અનુભવ જરૂરી
કામનો સમય
સાંજે ૪:૩૦ થી ૧૧:૩૦
અમરેલી એક્સપ્રેસ
જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક પાછળ, અમરેલી

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. મનિષ પદ્ધણી
ન્યુરો ફીઝીશ્યન
મગજના રોગોના નિષ્ણાંત
તા. ૧૨/૦૯/૨૦૨૬, શનિવારે, સવારે ૧૧ થી ૧
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી
કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.)
ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.)
ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

જીગરજાન મિત્રને ખુબ ખુબ અભિનંદન
શ્રી પંકજભાઈ ઈન્દ્રોડીયા
ઉપપ્રમુખ : શહેર ભાજપ-બાબરા
શ્રી નરેશભાઈ પોપટ
મંત્રી : શહેર ભાજપ-બાબરા
શ્રી રમેશભાઈ દસલાણીયા
ઉપપ્રમુખ : શહેર ભાજપ-બાબરા
મારા જીગરજાન મિત્ર પંકજભાઈ ઈન્દ્રોડીયા તથા રમેશભાઈ દસલાણીયા ને બાબરા શહેર ભાજપમાં ઉપપ્રમુખ પદ તેમજ નરેશભાઈ પોપટ ને બાબરા શહેર ભાજપ મંત્રી પદ પ્રાપ્ત થતાં ત્રણેય મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભકામનાઓ પાઠવું છું.
શુભેચ્છક
ચિંતન સેલાણી (અમરેલી)

અરે... વાહ...
૯,૯૯૯ સુધી
કરોડોની કિંમતના ઈનામો!
હા, સાચું વાંચ્યું.
તે પણ માત્ર ₹૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એકસચેન્જ પર
મધુવન
ટાવર રોડ, અમરેલી. 02792-222208
9426423006
madhuvangold.in

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. જતીન વખારિયા
કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. પાર્થ જોષી
MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)
મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન
દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. શ્રેયા બુટાલા
MD, DM Gastro (SGPGIMS),
Consultant Gastroenterologist and Hepatologist
દર મહિનાના ત્રીજા શુક્રવારે
ડો. પ્રિતિશ શાહ
એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીએનબી (નેફ્રોલોજી)
કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

# ૧૧૨ થી વધુ તાલુકાઓ અતિ ગંભીર દુષ્કાળની ચપેટમાં હોવાથી

# ભાજપ સરકાર તાત્કાલીક અછત અને દુષ્કાળ જાહેર કરે

### ૩૧ ઓકટોબર સુધી સર્વેના નામે સમય બગાડીને ખેડૂતોને રામભરોસે છોડી ન શકાય

### વર્ષ ૨૦૨૦થી પાક વીમો છીનવીને રક્ષણ કવચ વિનાનો ખેડૂત આજે તારાજ છે

### વીજળીનાં પોકળ જુમલાઓથી જગતના તાતને છેતરવાની ભાજપની રમત હવે નહી ચાલે

### પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ અમિત ચાવડાએ ખેડૂતોનો અવાજ સરકાર સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો

અમદાવાદ, તા. ૧૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ સરકાર સામે આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, આજે સમગ્ર ગુજરાતમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિતના વિસ્તારોમાં લાંબા સમયથી વરસાદ ખેંચાતા પરિસ્થિતિ અત્યંત ભયાનક અને ગંભીર બની ચૂકી છે. ખેડૂતો આર્થિક રીતે સંપૂર્ણપણે પાયમાલ થઈ ગયા છે, ગામડાઓમાં પીવાના અને સિંચાઈના પાણીના ફાફા છે, પશુઓ માટે ઘાસચારો નથી અને ખેતરોમાં ઉભો પાક બળીને ખાખ થઈ ગયો છે. આવી કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક અછત અને દુષ્કાળ જાહેર કરવાની જરૂરિયાત હોવા છતાં, આ સરકારી તંત્ર ખેડૂતોની પીડા જોવાના



બદલે ટેકનિકલ નિયમો, વૈજ્ઞાનિક કારણો અને સર્વેની આડ લઈને પોતાની જવાબદારીમાંથી છટકવાનો હીન પ્રયાસ કરી રહ્યું છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા આજે વિધાનસભામાં નિયમ ૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચાની નોટિસ આપીને સરકાર સમક્ષ તાત્કાલિક દુષ્કાળ જાહેર કરવાની ઉગ્ર માંગ કરવામાં આવી હતી. પરંતુ સરકારના વલણથી ફરી સાબિત થયું છે કે તેના માટે ખેડૂતોના આંસુ કરતાં કાગળ પરના અંકડા અને નિયમો વધારે મહત્વના છે. ગુજરાતના અનેક વિસ્તારોમાં છેલ્લા આઠ–આઠ અઠવાડિયાથી એક ટીપું પણ વરસાદ પડયો નથી, છતાં સરકાર ૩૧ ઓકટોબર સુધી સર્વે કરવાના નામે સમય પસાર કરી રહી છે. ખેડૂત આજે મરી રહ્યો છે, તો સરકારની જવાબદારી પણ આજે જ હોવી જોઈએ; ૩૧ ઓકટોબર સુધી ખેડૂતોને પોતાના હાલ પર છોડી દેવા એ સીધો અન્યાય છે.

સરકારની પોતાની જ ‘મુખ્યમંત્રી કિસાન સહાય યોજના’ના ગાઈડલાઈન મુજબ સતત ચાર અઠવાડિયા સુધી વરસાદ ન પડે તો ગંભીર સ્થિતિ અને સતત આઠ અઠવાડિયા સુધી વરસાદ ન પડે તો અતિ ગંભીર સ્થિતિ ગણવામાં આવે છે. આજે ગુજરાતમાં ૧૧૨થી વધુ તાલુકાઓ એવા છે જે આ વ્યાખ્યા મુજબ ગંભીર અને અતિ ગંભીર દુષ્કાળની શ્રેણીમાં આવે છે. જો સરકારને પોતાના જ બનાવેલા નિયમો પર વિસ હોય, તો પછી આ તાલુકાઓમાં તાત્કાલિક સર્વે પૂરો કરીને ખેડૂતોના પાક નુકસાનનું વળતર જાહેર કરવામાં સરકારને કયો ડર સતાવી રહ્યો છે ?

ગુજરાતમાં પ્રધાનમંત્રી પાક વીમા યોજના વર્ષ ૨૦૨૦થી બંધ કરી દેવામાં આવી છે. એટલે કે જયારે ખેડૂતનો ઉભો પાક બરબાદ થાય ત્યારે તેની પાસે પાક વીમાનું કોઈ રક્ષણ ઉપલબ્ધ નથી. એક તરફ પાક વીમાની વ્યવસ્થા છીનવી લેવાઈ છે અને બીજી તરફ દુષ્કાળ જેવી કટોકટીમાં સરકાર રાહત આપવામાં વિલંબ કરી રહી છે. પરિણામે ગુજરાતનો ખેડૂત બેવડો માર સહન કરી રહ્યો છે. સરકારે હવે કોઈ પણ જાતના બહાનાબાજી વગર અસરગ્રસ્ત તમામ તાલુકાઓમાં તાત્કાલિક પાક નુકસાનીનો સર્વે કરાવી ખેડૂતોને સીધું વળતર આપવું જ પડશે.

કોંગ્રેસ પક્ષ ખેડૂતોના હિતમાં સ્પષ્ટ અને આક્રમક માંગણીઓ કરે છે, ૧૧૨થી વધુ ગંભીર અને અતિ ગંભીર સ્થિતિ ધરાવતા તાલુકાઓને તાત્કાલિક ‘દુષ્કાળગ્રસ્ત’ જાહેર કરવામાં આવે., ખેડૂતોના પાક નુકસાનનો તાત્કાલિક યુદ્ધના ધોરણે સર્વે કરી સીધું વળતર ચૂકવવામાં આવે., ખેડૂતોનું એક વર્ષનું સંપૂર્ણ પાક ધિરાણ (લોન) તુરંત માફ કરવામાં આવે., ખેડૂતોના વીજ બિલમાં મોટી રાહત આપી સંપૂર્ણ માફી આપવામાં આવે., પીવાના અને સિંચાઈના પાણીની તાત્કાલિક ધોરણે વ્યવસ્થા કરવામાં આવે., પશુધન બચાવવા માટે પૂરતો ઘાસચારો ઉપલબ્ધ કરાવાય અને જરૂરિયાતમંદો માટે રોજીરોટીની વ્યવસ્થા ઊભી કરવામાં આવે.

માત્ર વીજળી આપવાની પોકળ જાહેરાતો કરીને સરકાર ખેડૂતોની સમસ્યામાંથી હાથ ઝાટકી શકે નહીં. જયારે જમીનમાં પાણીના તળ ઊંડા ઉતરી ગયા હોય, સિંચાઈ માટે પાણી જ ન હોય અને પાક જ બળી ગયો હોય, ત્યારે માત્ર વીજળી આપીને સરકાર કોને છેતરી રહી છે ? સરકારની જાહેરાતો અને જમીનની વાસ્તવિકતા વચ્ચેનો આ તફાવત આજે ગુજરાતનો ખેડૂત ભોગવી રહ્યો છે.

એક તરફ મોટા ઉદ્યોગપતિઓ અને ડેટા સેન્ટરો માટે સરકાર રાતોરાત નિર્ણયો લઈને કરોડો રૂપિયાના પ્રોજેકટસ મંજૂર કરી દે છે, પરંતુ બીજી તરફ ગુજરાતના જગતના તાતનો પાક બરબાદ થઈ રહ્યો હોય, ખેડૂત આર્થિક રીતે તારાજ થઈ રહ્યો હોય અને તેના પરિવાર સામે રોજીરોટીનો પ્રશ્ન ઊભો થયો હોય ત્યારે સરકાર પાસે કોઈ તાત્કાલિક નિર્ણય નથી ! આ સરકાર માટે ખેડૂતોની પીડા કરતાં કાગળ પરના આંકડા વધારે વહાલા છે તે વિધાનસભાના જવાબથી ખુલ્લું પડીગયું છે.

ભાજપ સરકાર જો ખરેખર ખેડૂત હિતૈષી હોવાનો દાવો કરતી હોય તો હવે શાસકોએ પોકળ ભાષણો બંધ કરીને નક્કર નિર્ણયો લેવા પડશે. નિયમો અને સર્વેની પદ્ધતિઓ પોતાની જગ્યાએ છે, પરંતુ જયારે ૧૧૨ થી વધુ તાલુકાઓ અતિ ગંભીર સ્થિતિમાં હોમાઈ રહ્યા હોય ત્યારે સરકાર આંખ આડા કાન કરી શકે નહીં. ગુજરાતના ખેડૂતોને રાહત આપવા માટે ૩૧ ઓકટોબર સુધીની વાટ જોવડાવવાને બદલે સરકારે તાત્કાલિક દુષ્કાળ જાહેર કરીને પાક નુકસાનીનું વળતર, ધિરાણ માફી, વીજ બિલ માફી અને ઘાસચારાની વ્યવસ્થા સહિતના તમામ રાહત પગલાં તાત્કાલિક જાહેર કરવા પડશે.

---

### અમરેલીનાં સરંભડા ગામનાં

## રેતી ચોરી કેસના આરોપીનો નિર્દોષ છુટકારો કરાયો

### એડવોકેટ જયેશ ત્રિવેદી અને એડવોકેટ કાકડીયાની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૧૧

સરંભડા ગમના જયસુખભાઈ દુદાભાઈ દાફડા વિરૂધ્ધ રેતી ચોરી કરવા બદલ ફરિયાદ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અને તેનુ ચાર્જશીટ કરવામાં આવેલ અને તેના સેશન્સ કેસ નં. ૧૦૪/૨૦૨૨ પાડવામાં આવેલ જે સેશન્સ કેસના કામે પ્રોસીકયુશન તરફથી ફરિયાદી, પંચો, શાહેદો વિગેરેને તપાસવામાં આવેલ અને આ કેસમાં આરોપી તરફે એડવોકેટ જયેશ પી. ત્રિવેદી અને અર્જુન આર. કાકડીયા રોકાયેલા હતા. જેમના દ્વારા ફરિયાદ





પક્ષના શાહેદોની કરવામાં આવેલી વિગતોવાર ઉલટ તપાસ અને દલીલને ધ્યાને લઈ અમરેલીના સેકન્ડ એડીસેસન્સ જજ દવે દ્વારા ફરિયાદીનો કેસ નાસાબિત માનીને આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ તા. ૨૪/૦૮/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ.

---

### શોરાવાડી વિસ્તારનાં રહેવાસીઓએ કેસરીનંદન હનુમાનજીને પ્રાર્થના શરૂ કરી

## સાવરકુંડલામાં તંત્રનાં ૧૦ વર્ષનાં ‘‘વાયદા’’થી જનતા ત્રાહીમામ સ્મશાનની દીવાલ મુદ્દે રહીશોમાં નારાજગીનો માહોલ

### ગ્રાન્ટનાં નામે ‘‘લોલીપોપ’’ આપતા સત્તાધીશોને સદ્‌બુધ્ધિ આપવા પ્રાર્થના





સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલાનાં કુંડલા વિભાગમાં આવેલું સ્મશાન હાલ તંત્રની ઘોર ઉપેક્ષાનું ઉદાહરણ બની ગયું છે. આ સ્મશાનની દીવાલ અડધી ધરાશાયી થઈ ચુકી છે અને બાકી રહેલો હિસ્સો અત્યંત જર્જરીત હાલતમાં ઉભો છે, જે કોઈ હોનારતને પણ આમંત્રણ આપી શકે છે. સ્મશાનને અડીને જ આવેલી શોરાવાડી સોસાયટીનાં રહીશો આ પરિસ્થિતિથી ત્રાહીમામ પોકારી ગયા છે.

શોરાવાડી સોસાયટીના લેટરપેડ પર તંત્રને લેખિત તથા મૌખિક રજૂઆતો કરવા છતાં પરિણામ "શૂન્ય" આવ્યું છે. નગરપાલિકા ધ્વારા છેલ્લા ૧૦ વર્ષથી રહીશોને માત્ર એક જ "લોલીપોપ" આપવામાં આવે છે કે "ગ્રાન્ટ આવશે ત્યારે કામ થશે". દસ–દસ વર્ષનો લાંબો સમય વિતી જવા છતાં હજુ સુધી કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવી નથી. આખરે આશ્વાસનોથી કંટાળેલા સોસાયટીના રહીશોએ કેસરીનંદન હનુમાનઈના શરણે જઈ પ્રાર્થના કરી છે કે પ્રભુ આ સત્તાધીશોને વ્હેલીતકે સાચી બુધ્ધિ આપે જેથી આ દીવાલનો પ્રશ્ન ઉકેલાઈ શકે.

"વાદા તેરા વાદા..." અને "જાવ કાબરબેન કાલ સવારે વ્હેલા આવું છું" જેવા લોકપ્રિય કટાક્ષો વચ્ચે શહેરના બુધ્ધિજીવી વર્ગમાં પણ આ મુદે ભારે ચર્ચા જાગી છે. લોકો તીખો વ્યંગ કરતા પુછી રહ્યા છે કે "શું સઘળું સ્મશાનવત થઈ જશે પછી જ તંત્ર જાગશે કે ગ્રાન્ટ આવી ગઈ હોં...?" સ્થાનિકોમાં ઉઠેલા આ ભારે આક્રોશ બાદ હવે જોવાનું એ રહે છે કે નિંદ્રાધીન તંત્ર કયારે જાગે છે.

---

### ભાજપ કિસાન મોરચા પ્રમુખ હિરેન હિરપરા દ્વારા આવકાર

## ખેડૂતો અને પશુપાલકોનાં હિતમાં બે મહત્વપૂર્ણ વિધેયક પસાર કરાયા

### ભાજપ સરકારનાં દરેક કાર્યો જનલક્ષી હોય છે

ગાંધીનગર, તા. ૧૧

ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચા ગુજરાતની અખબારી યાદી જણાવે છે કે, ગુજરાત વિધાનસભામાં પસાર થયેલા ‘ગુજરાત પશુધન આહાર, મરઘાં–ચારા અને ખનિજ મિશ્રણ વિધેયક–૨૦૨૬’ તથા ‘ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક–૨૦૨૬’ને ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચા ગુજરાતે આવકાર્યા છે.

પશુઆહાર સંબંધિત વિધેયક દ્વારા પશુઆહારની ગુણવત્તા સુનિશ્ચિત કરવા, પશુઓના આરોગ્યનું રક્ષણ કરવા અને પશુપાલકોને ગુણવત્તાયુકત પશુઆહાર ઉપલબ્ધ થાય તે માટે જરૂરી નિયમન કરવામાં આવ્યું છે.

ગુજરાત જમીન મહેસૂલ સુધારા વિધેયકમાં સાચો અને સ્પષ્ટ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હોય, તમામ ખાતેદારોની સંમતિ હોય અને અગાઉથી કોઈ વિવાદ ન હોય તો તે જ દિવસે ફેરફાર નોંધ પાડીને પ્રમાણિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. સક્ષમ સત્તાધિકારી, અદાલત અથવા



ટ્રિબ્યુનલના આદેશના આધારે થતી નોંધ પણ હુકમ પ્રાપ્ત થતાં તાત્કાલિક નોંધવા અને પ્રમાણિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ખેડૂત કેન્દ્રિત વિકાસના વિઝન, કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા ખેડૂત અને પશુપાલકોના હિતમાં સતત મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. આ બંને મહત્વપૂર્ણ વિધેયકો માટે મંત્રી જિતુભાઈ વાઘાણી તથા મંત્રી ઋષિકેશભાઈ પટેલના પ્રયાસોને પણ કિસાન મોરચાએ બિરદાવ્યા છે.

વધુમાં કહ્યું કે, પશુપાલક માટે પશુધન તેની આજીવિકાનો મહત્વપૂર્ણ આધાર છે. પશુઓને ગુણવત્તાયુકત આહાર મળે, તેમનું આરોગ્ય સુરક્ષિત રહે અને પશુપાલકોના હિતનું રક્ષણ થાય તે દિશામાં આ વિધેયક મહત્વપૂર્ણ પગલું છે.

વધુમાં કહ્યું કે, જમીન ખેડૂત માટે માત્ર સંપત્તિ નથી, પરંતુ તેના જીવન અને ભવિષ્યનો આધાર છે. સાચા અને વિવાદરહિત જમીન વ્યવહારમાં નોંધ પ્રમાણિત કરવાની પ્રક્રિયા ઝડપી બનવાથી ખેડૂતો અને કાયદેસર હક ધરાવતા ખરીદનારાઓનો સમય બચશે અને લાંબી વહીવટી પ્રક્રિયામાંથી રાહત મળશે.

વધુમાં કહ્યું કે, સરકારના આ બંને નિર્ણયો ખેડૂત અને પશુપાલકોના હિતને વધુ મજબૂત બનાવશે. પ્રક્રિયામાં ઝડપ અને સરળ તા આવે તથા લાભાર્થીને સમયસર તેનો હક મળે તે દિશામાં આ મહત્વપૂર્ણ નિર્ણયો છે.

અંતમાં કહ્યું કે, ખેડૂત અને પશુપાલકોના હિતમાં લેવાયેલા આ નિર્ણયો બદલ ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચા, રાજય સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરે છે અને બંને વિધેયકોને આવકારે છે.


‘‘અમરેલી એક્સપ્રેસ’’

અમરેલી શહેરમાં આપને ‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


---

## લીલીયામોટા ખાતે પોલીસનો લોકદરબાર તેમજ શાંતિ સમિતિની બેઠક યોજાઈ



લીલીયા મોટા, તા. ૧૧

લીલીયા પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ એમ ડી સાળુંકેના અપ્રયક્ષસ્થાને લોકદરબાર તેમજ શાંતિ સમિતિ ની બેઠક યોજાય લીલીયા તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કાયદો– વ્યવસ્થાને લગતા વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરી ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધવામાં આવ્યો હતો.

લોકદરબારમાં ટ્રાફિક નિયમોનું પાલન, જુગાર–દારૂ જેવી અસામાજિક પ્રવૃત્તિઓ, વ્યાજખોરી તેમજ વધતા જતા સાયબર ક્રાઈમ અંગે ગ્રામજનોને સાવચેત કરવામાં આવ્યા હતા. ઉપરાંત એએસકે એપ્લિકેશન તેમજ ૧૮૧ અને ૧૧૨ હેલ્પલાઈન અંગે જરૂરી માહિતી આપી તેનો યોગ્ય સમયે ઉપયોગ કરવા સમજ આપવામાં આવી હતી.ગામમાં કોઈ અસામાજિક તત્વો સક્રિય હોય અથવા કાયદો– વ્યવસ્થા સંબંધિત કોઈ પ્રશ્ન કે ફરિયાદ હોય તો પોલીસને ખાનગી રીતે અથવા ટેલિફોનિક રીતે જાણ કરવા ગ્રામજનોને અપીલ કરવામાં આવી હતી સાથે સાથે આવનાર દિવસોમાં ગણપતિ ઉત્સવ આવતો હોય ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે બાબતે પણ આવેલ ગ્રામજનો સાથે ચર્ચાકરવામાં આવી હતી પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસ વધુ મજબૂત બને તેમજ નાગરિકોની સમસ્યાઓનું ત્વરિત નિરાકરણ થાય તે હેતુ થી આ કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે લીલીયા પોલીસ સ્ટેશનના, પીએસઆઈ વાય.એમ. જાડેજા સહિત પોલીસ કર્મચારીઓ સહિત તાલુકા ભાજપ પ્રમુખ આનંદભાઈ ધાનાણી, ભનુભાઈ ડાભી, ખોડાભાઈ માલવિયા, કિશોરભાઈ પાઠક, નિલેશ શેખલીયા, વિજય કોગથીયા, ભાસ્કરભાઈ પટેલ,કેપ્ટન ધામત, રમેશભાઈ પરમાર વિજય લાઠીયા, ભીખાભાઈ ધોરાજીયા,શાંતિભાઈ વાઘેલા, પ્રગ્નેશ રામાણી, ધર્મેશ દેસાઈ, બાલાભાઈ મેઘાણી સલીમ બેલીમ, ધર્મેશ ભાલાળા, ભૂપતભાઈ ધામત મુકેશભાઈ શિરમાન સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ બંને સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

### નાયબ પોલીસ અધિક્ષક દ્વારા

## ખાંભા પોલીસ સ્ટેશનમાં ખોટી ફરિયાદ નોંધાવનાર વિરૂધ્ધ ફરિયાદ

### ખોટી ફરિયાદ કરનારામાં ફફડાટ

અમરેલી, તા. ૧૧

ખાંભા પંથકમાં બે ખોટી ફરિયાદ દાખલ કરાવનારા ઈસમો સામે નાયબ પોલીસ અધિક્ષક એસ.સી./એસ.ટી. સેલના પ્રાક્રમસિંહ રણજીતસિંહ રાઠોડે ખોટી માહીતી લખાવનાર આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે.

ખાંભા તાલુકાના મોટા બારમણ ગામે પ્લોટ વિસ્તાર પ્રાથમિક શાળાની બાજુમાં રહેતા લલીતભાઈ કાનાભાઈ વાળાએ ગત તા.૧૭/૯/૨૪ ના રોજ ખાંભા સરકારી દવાખાનામા સારવાર અર્થે દાખલ થયેલ હતા. અને તેમણે ખાંભા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ. આર.જી. ચૈહાણની રૂબરૂમાં પોતાની ફરીયાદમાં રાજુલા તાલુકાના જુનીકાતર ગામે રહેતા જયસુખભાઈ રામભાઈ સાંખટનું આરોપી તરીકે નામ લખાવી ફોજદારી કાર્યવાહી કરાવવા સારૂ ખોટી માહીતી આપી હતી. જેથી જયસુખભાઈની વિરૂપ્રધની ફરીયાદ ખાંભા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૧૫, ૩૫૨, ૫૪, તથા અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ–૧૯૮૯ના સુધારણા અધિનિયમ–૨૦૧૫ની કલમ–૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) દાખલ કરાવેલ હતી. અને જુનીકાતર ગામે રહેતા ગોબરભાઈ માધાભાઈ કવાડ તથા હુસૈનભાઈ કાદરભાઈ બાંભણીયા તથા દુધીબેન ભુપતભાઈ જીણાભાઈ શીયાળએ પોતાના નિવેદનમાં જે તે સમયે તપાસ અધિકારી મદદનીશ પોલીસ અધિક્ષક, સાવરકુંડલા વલય વૈદ્ય સમક્ષ આરોપી તરીકે હિતેષભાઈ કાળુભાઈ શિયાળની ખોટી માહીતી લખાવી ગુન્હો કરેલ હોય જેથી નાયબ પોલીસ અધિક્ષક આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે.

તો બીજા બનાવમાં ખાંભા તાલુકાના દલડી ગામે રહેતા શૈલેષભાઈ મંગાભાઈ જોગદીયાએ ગત તા. ૨૫/૩ના રોજ ખાંભા સરકારી દવાખાનામા સારવાર અર્થે દાખલ થયેલ અને પોતે પોલીસ ખાંભા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ. જી.એમ. જાડેજાની રૂબરૂ પોતાની ફરીયાદમાં સીંકદરભાઈ મહમદભાઈ જાડેજા (રહે. દલડી તા.ખાંભા)નુ આરોપી તરીકે નામ લખાવી ફોજદારી કાર્યવાહી કરાવવા સારૂ ખોટી માહીતી આપી સીંકદરભાઈ મહમદભાઈ જાડેજા વિરૂપ્રધની ફરીયાદ ખાંભા પોલીસ સ્ટેશનમા ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨ તથા અનુસુચીત જાતિ અને અનુસુચીત જન જાતિ (અત્યાચાર નિવારણ) અધિનીયમ ૧૯૮૯ ના સુધારણા અધિનીયમ ૨૦૧૫ની ૩(૧)આર, ૩(૧)એસ, ૩(૨) (૫–એ) તથા જી.પી.એકટ કલમ– ૧૩૫ દાખલ કરાવી ગુન્હો કરેલ હોય શૈલેષભાઈ મંગાભાઈ જોગદીયા સામે પણ ખોટી માહીતી લખાવી ગુન્હો કરેલ હોય જેથી નાયબ પોલીસ અધિક્ષક એસ.સી./ એસ.ટી. સેલના પ્રાક્રમસિંહ રણજીતસિંહ રાઠોડે આરોપી સામે ફરિયાદ નોંધાવી છે.

# ખેડૂતો અને વેપારીઓની સમસ્યા, વ્યથા જાહેરમાં ચર્ચાનો મુદ્દો બન્યો

# બાબરા : માર્કેટયાર્ડની ચૂંટણીને લઈને સહકારી ક્ષેત્રમાં ગરમાવો

## ગત ટર્મનાં શાસકો પૂનઃ મેદાનમાં હોવાથી હરિફ પક્ષો દ્વારા આક્ષેપોનો મારો શરૂ કરવામાં આવ્યો

બાબરા, તા. ૧૧

અમરેલી જિલ્લાના મહત્વપૂર્ણ બાબરા માર્કેટિંગ યાર્ડની આગામી તા. ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ યોજાનારી ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ છેલ્લા દોઢ દાયકાથી યાર્ડમાં ચાલી રહેલા એકચક્રી શાસનના કાર્યકાળને લઈને વિવિધ સવાલો અને આક્ષેપોની ચર્ચા હવે તેજ બની રહી છે. આ વખતે વર્તમાન સંચાલન સામે ભાજપના સનિષ્ઠ અને મજબૂત અગ્રણીઓ મેદાનમાં ઉતર્યા હોવાથી યાર્ડની ચૂંટણીમાં ખરાખરીનો જંગ જામ્યો છે. વિરોધી જૂથ દ્વારા એવો સવાલ ઉઠાવવામાં આવી રહ્યો છે કે દોઢ દાયકાના લાંબા કાર્યકાળ દરમિયાન યાર્ડના વિકાસ માટે શું નક્કર કામગીરી કરવામાં આવી અને ખેડૂતો તથા વેપારીઓના હિત માટે કયા મોટા નિર્ણયો લેવાયા? ખેડૂતો અને વેપારીઓ સમક્ષ મત માગવા માટે વિકાસના નક્કર મુદ્દાઓ કેટલા છે તે અંગે પણ રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે.

દરમિયાન રાજય સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે ખેડૂતોને પૂરતી વ્યવસ્થા કરવામાં આવી રહી હોવા છતાં બાબરા યાર્ડના ચેરમેન સાથે સંકળાયેલી મંડળી મારફતે મગફળીની ખરીદીની પ્રક્રિયામાં ગેરરીતિ થતી હોવાના ગંભીર આક્ષેપો ચર્ચામાં આવ્યા છે. આક્ષેપ મુજબ ટેકાના ભાવે ખરીદીમાં યાર્ડ પર એક મંડળીનું વર્ચસ્વ હોવાથી ટેકાના ભાવે મગફળી અને ચણાની ખરીદીમાં એક મંડળી દ્વારા સમગ્ર યાર્ડ પર કબજો જમાવાતો હોવાના કારણે ખેડૂતો અને વેપારીઓ આ બાબતે અવાજ ઉઠાવે તો યેનકેન પ્રકારે અવાજને દબાવી દેવામાં આવે છે. બીજી તરફ મંડળીનો માલ બે-ત્રણ દિવસ યાર્ડના મેદાન અને શેડમાં પડયો રહે છે. યાર્ડના સત્તાધીશો પાસે રજૂઆત છતાં કોઈ કાર્યવાહી ન થતી હોવાના આક્ષેપોથી ખેડૂતો, વેપારીઓ અને યાર્ડમાં વેચાણ કરવા આવતા ખેડૂતો અને યાર્ડના કર્મચારીઓમાં લાચાર જોવા મળી રહ્યાની પણ ચર્ચાઓ થઈ રહી છે અને બીજી તરફ અન્ય મંડળી ખરીદી માટે આવે તો જગ્યા ન હોવાનું કહેવામાં આવતું હોવાની પણ ફરિયાદો ઉઠી રહી છે.

ખેડૂતોને મગફળી વેચાણ માટે મેસેજ મોકલવામાં આવે અને ખેડૂત પોતાની મગફળી લઈને ખરીદી કેન્દ્ર પર પહોંચે ત્યારબાદ સેમ્પલના નામે મગફળી રદ કરવામાં આવતી હોવાની તેમજ ત્યારબાદ ખેડૂતોને બહારના ખુલ્લા બજારમાં મગફળી વેચવા મજબૂર થવું પડતું હોવાની ચર્ચા વચ્ચે અહીંયા ખેડૂતોને એવો ભય પણ બતાવવામાં આવે છે કે જો તમારો માલ રદ થઈ પરત આવશે તો તેનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ તમારે ભોગવવાનો રહેશે અને ખેડૂતો તે ભયના કારણે પોતાના ફોમ વેપારીઓને આપી માલ વેચી જતા રહે છે અને ત્યારબાદ વેપારીઓનો માલ મંડળી ખરીદી કરી લે છે. આમ ખેડૂતોની માલ નહિ ચાલતો પણ વેપારીઓનો ગમે તેવો હશે તો પણ ચાલશે એવા પણ આક્ષેપો થઈ રહ્યા છે. ખાસ કરીને નાના અને સામાન્ય ખેડૂતોને આ પ્રક્રિયામાં વધુ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાની ચર્ચા છે.

## શાસકોની પારદર્શિતા સામે સવાલો : જો કે વેપારીઓ અને ખેડૂતો બધુ જાણે છે

મગફળી ખરીદી કેન્દ્રની કામગીરીમાં યાર્ડના કર્મચારીઓનો ઉપયોગ થતો હોવાના આક્ષેપો પણ સામે આવી રહ્યા છે. વાહન વ્યવસ્થા, ખેડૂતોને ટોકન આપવા, ગેટ પાસ સહિતની કામગીરીમાં યાર્ડના કર્મચારીઓને ફરજ બજાવવી પડતી હોવાની ચર્ચા છે. ટોકન વ્યવસ્થાને લઈને પણ સવાલો ઉઠી રહ્યા છે કે પોતાના મળતિયાઓને પ્રથમ ટોકન આપવામાં આવતું હોવાની અને સામાન્ય ખેડૂતોને એકથી બે દિવસ સુધી લાઈનમાં ઊભા રહેવાની ફરજ પડતી હોવાની ફરિયાદો ચર્ચામાં છે. જો આવા આક્ષેપોમાં તથ્ય હોય તો ખરીદી વ્યવસ્થાની પારદર્શિતા અને ખેડૂતો સાથે સમાન વ્યવહાર અંગે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે.

મગફળીના સેમ્પલ લેવામાં પણ સરકાર દ્વારા નક્કી કરાયેલા પ્રમાણ કરતાં વધુ સેમ્પલ લેવામાં આવતા હોવાના આક્ષેપો ચર્ચાનો વિષય બન્યા છે. આવા સેમ્પલનો બજારમાં ઉપયોગ કે વેચાણ કરીને મોટી રકમ ઉભી કરવામાં આવતી હોવાની ચર્ચા વચ્ચે ખેડૂતોના હિતને નુકસાન થતું હોવાના સવાલો ઉઠયા છે. કોઈ ખેડૂત આ અંગે અવાજ ઉઠાવે તો તેની મગફળી રદ કરવામાં આવે અથવા તેનો વારો મોડો પાડવામાં આવતો હોવાની પણ ચર્ચા છે. મગફળી રદ થયાનો ફોન મળ્યા બાદ ખેડૂત પોતાનો માલ જોવા સેન્ટર પર પહોંચે ત્યારે તેણે આપેલી મગફળી ત્યાં જોવા ન મળતી અથવા માલ બદલાઈ ગયાની ફરિયાદો અગાઉ પણ ચર્ચાનો વિષય બની હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આવા મામલાઓમાં ખેડૂતો સાથે બેઠક કરી સમજાવટ કરીને મામલો થાળે પાડવામાં આવતો હોવાની પણ ચર્ચા છે.

## છેલ્લા ઘણા વર્ષોથી એક ટીમનું શાસન હોય મતદારો પણ પ્રશ્નો પુછવા તત્પર

ખાસ કરીને નાના અને સામાન્ય ખેડૂતોને વધુ મુશ્કેલી પડતી હોવાની ચર્ચા છે. ખરીદી પ્રક્રિયાની સંપૂર્ણ જાણકારી ન હોવાના કારણે આવા ખેડૂતોને સરળતાથી ગેરમાર્ગે દોરી તેનો લાભ લેવામાં આવતો હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. બીજી તરફ મંડળી મારફતે મગફળી અને ચણાની ખરીદી ચાલતી હોય ત્યારે યાર્ડના શેડનો ઉપયોગ પોતાની મંડળી માટે કરવામાં આવતો અને શેડમાં વેપારીઓનો માલ પડયો હોય તો તેને ખસેડવાની સૂચના આપવામાં આવતી હોવાના આક્ષેપો પણ હવે ચર્ચામાં આવ્યા છે. વેપારીઓ લાચાર બનીને આ સ્થિતિ સહન કરતા હોવાની ચર્ચા વચ્ચે માર્કેટિંગ યાર્ડ કોના હિત માટે છે તેવો સવાલ પણ ઉઠી રહ્યો છે.

યાર્ડના ગેસ્ટ હાઉસના ઉપયોગ અંગે પણ સવાલો ઉભા થયા છે. ખેડૂતો અને વેપારીઓના ઉપયોગ માટેની આ સુવિધાનો ઉપયોગ મંડળીના સ્ટાફ તથા પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવતો હોવાના આક્ષેપો થયા છે. મગફળી અને ચણાની ખરીદી ચાલે ત્યાં સુધી ગેસ્ટ હાઉસ પર મંડળીનો કબજો રહેતો હોવાની ચર્ચાએ યાર્ડની સંપત્તિના ઉપયોગ અંગે પણ પ્રશ્નો ઊભા કર્યા છે.

બે વર્ષ અગાઉ મગફળીના જથ્થા કે ગુણમાં ઘટાડો પડતો હોય ત્યારે બહારથી માલ મંગાવી ખેડૂતોના ટેકામાં પોતાનો માલ ગોઠવવામાં આવતો હોવાના આક્ષેપો પણ કરવામાં આવી રહ્યા છે. યાર્ડમાં મંડળી મારફતે પોતાના માણસોને ગોઠવી ગેરરીતિ કરવામાં આવતી હોવાની ચર્ચા વચ્ચે પોતે ભ્રષ્ટાચાર કરતા નથી અને કોઈને કરવા દેતા નથી તેવી છાપ ઉભી કરવામાં આવતી હોવાના આક્ષેપો વિરોધીઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે. પોતાના પર થતા આક્ષેપોથી બચવા માટે ભ્રષ્ટાચારના મામલામાં અમરેલીના એક ભાજપના અગ્રણીના સગાં-સંબંધીઓનાં નામ આગળ ધપાવવામાં આવતા હોવાની ચર્ચા પણ રાજકીય વર્તુળોમાં છે.

## હરિફ ટીમનાં આક્ષેપો સાચા છે કે સત્તા પક્ષનું કામ સારૂ છે તેનો નિર્ણય મતદારો કરશે

બાબરા તાલુકાના એક ગામમાં આવેલી કોટન જિનમાં કેન્દ્ર સરકાર હેઠળ સીસીઆઈ મારફતે ટેકાના ભાવે થતી કપાસની ખરીદીમાં પણ નિયમોની મર્યાદા બહાર ગેરરીતિ થતી હોવાની બૂમ અગાઉ ઉઠી હોવાની ચર્ચા છે. આ ઉપરાંત રાજય સરકારની મગફળી ખરીદી વ્યવસ્થામાં બારદાન સાથે આવતી લોખંડની પટ્ટીઓના વેચાણ અંગે પણ મોટા પ્રમાણમાં નાણાકીય વ્યવહાર થયો હોવાની ચર્ચા છે. આ તમામ મુદ્દાઓની સત્યતા અંગે નિષ્પક્ષ તપાસ થાય અને હકીકત ખેડૂતો તથા વેપારીઓ સમક્ષ આવે તેવી માંગ પણ ઉઠી રહી છે.

આમ, બાબરા માર્કેટિંગ યાર્ડની ચૂંટણી હવે માત્ર સત્તા મેળવવાની ચૂંટણી ન રહેતા છેલ્લા દોઢ દાયકાના કાર્યકાળનો હિસાબ, યાર્ડનો વિકાસ, ખેડૂતો અને વેપારીઓને મળતી સુવિધાઓ, ખરીદી વ્યવસ્થાની પારદર્શિતા તથા યાર્ડની મિલકતોના ઉપયોગ જેવા મુદ્દાઓ ચૂંટણીના કેન્દ્રમાં આવી રહ્યા છે. એક તરફ લાંબા સમયથી યાર્ડનું સંચાલન કરતું જૂથ છે તો બીજી તરફ આ વખતે મજબૂત પડકાર સાથે મેદાનમાં ઉતરેલા ભાજપના સનિષ્ઠ અગ્રણીઓ છે. ત્યારે આગામી તા. ૨૮ સપ્ટેમ્બરે યોજાનારી ચૂંટણીમાં ખેડૂતો અને વેપારીઓ કોના પક્ષે જનમત આપે છે અને બાબરા યાર્ડના ભાવિ સંચાલન અંગે શું નિર્ણય કરે છે તેના પર સમગ્ર બાબરા તાલુકાની નજર મંડાઈ છે. દોઢ દાયકાના શાસન સામે ઉઠેલા સવાલોનો જવાબ હવે ચૂંટણીના મેદાનમાં આપવાનો વારો આવ્યો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦
























# પર્યુષણ-આત્મચિંતત અને આત્મ શુદ્ધિનું મહાપર્વ છે

## પગદંડી/લેખન



**– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

પર્યુષણ – આત્મચિંતન અને આત્મ શું દ્ધિ નું મહાપર્વ છે.

સમગ્ર વિશ્વમાં જેટલા ધર્મો છે. સંપ્રદાયો છે એ તમામ પોતાનાં પર્વો, ઉત્સવો ઉજવતાં હોય છે. વળી વર્ષમાં એકાદ એવું પર્વ કે ઉત્સવ ઉજવાતો હોય જે યુગોથી પરંપારથી ચાલ્યો આવતો હોય એ તમામ પર્વો માટેભાગે ધાર્મિક હોય છે. જેના દ્વારા લોકો ધર્મપરાયણ બની રહે,વિશેષ તો આત્મચિંતન થઈ શકે, આત્મશુધ્ધિ પણ કહી શકાય, ઉત્સવો પાછળનો ઋષિમુનિઓ, ધર્મસ્થાપકો, ધર્મઆરાધકોની એજ ચાહના, ઈચ્છા હોય છે કે લોકો, સમાજ, મનનાં વેર–ઝેર ત્યજી, હળવા ફુલ બની ભાઈચારથી હોય છે કે લોકો, સમાજ, મનનાં વેર–ઝેર ત્યજી, હળવા ફુલ બની ભાઈચારથી જોડાયેલા રહે. કુંટુંબકમની ભાવનાથી એ દિવસો દરમિયાન જીવ–ઈશ્વરમય બની દુનિયાદારીથી પર રહી માત્રને માત્ર ભક્તિપરાયણ બની રહે. જેનાથી સર્વની નવજીવન પ્રાપ્ત થાય અને જીવમાત્રનાં કષાય, દુર્ગોણોથી પર, અલિપ્ત થાય, આમ જગતના તમામ ધર્મો, ધર્માલયો, ધર્મોપદેશકો, ધર્મ સંસ્થાપકો ઈચ્છતા હોય છે. આપણે કંઈકને કંઈક ધર્મ કે સંપ્રદાય સાથે જોડાયેલા છીએ. એટલે દરેકનો એક વાડો હોય છે. નિશ્વિત કહેલું ક્ષેત્ર હોય છે. જેને કદાચ આપણે હિન્દુધર્મ, મુસ્લિમ ધર્મ, જેન ધર્મ, બૌધકર્મ, ખ્રિસ્તી ધર્મ, શીખધર્મ જેવા વાડામાં બંધાયેલા છીએ. વાડાનો વાંધો નથી પણ દરેક વાડાવાળા એમ માને છે કે અમે ઈચ્છે છે કે અમારો ધર્મ, સંપ્રદાય જ શ્રેષ્ઠ છે. બાકી બધો બકવાસ છે. પરિણામે કોઈમાં વૈચારિકતાથી ઉટનાં લીંડાની જેમ છુટા છવાયા જ રહીએ છીએ ધર્મનો અર્થ જ છે એકતા, જે જોડી શકે તે ધર્મ, વિચ્છેદ કરે તે અધર્મ.

આજે ધર્મના નામે જે લોકોમાં વિષચક ચાલી રહયું છે જે ખતરનાક છે. વર્ષોથી એક જ ગામમાં શેરીમાં, મહોલ્લામાં રહેતા લોકો ઝઘડી પડે છે. ને ખુના–મરકી કહી કે છે. જયાં ભાઈચારો, કહેવાતો હતો તે દુશ્યમનોની માફક લડીને દુશ્યનો બની બેઠો છે. શું આને ધર્મ કહેવાય ? ધર્મ તો રક્ષણ કરે. દિવ્યતા તરફ લઈ જય. જીવન ઉન્નત બનાવે. ઉજજવળ કરે, શું તમને લાગે છે કે કોઈ ધર્મનાં હેતું – ઉદેશ આજે છે તે યોગ્ય છે ?

મુળ વાત પર આવીએ અહિ તમામ ધર્મોની વાત થઈ શકે નહિ કારણ કે સ્થળ કાળને ધ્યાનમાં રાખવાનાં હોય આજે માત્ર જૈન ધર્મનું મહાપર્વ, પવિત્ર પર્વ પર્યુષણ વિશે થોડી વાત કરવી છે. માહિતી આપવી છે. લખનારનો એવો કોઈ આશય નથી કે કોઈ ધર્મ સારો નથી. બધા જ ધર્મો ઉતમ, શ્રેષ્ઠ ને આવશ્યક પળ છે. જેની દ્વારા જેને ધર્મના લોકો ધર્મપરાયણ તે રહે છે.

શ્રવણ માસની વદ બારસથી જૈન ધર્મનું સર્વાધિક પર્વ પર્યુષણ શરૂ થાય છે જે આઠ–દસ દિવસ સુધી ચાલે છે. આવા પર્વો, ઉત્સવો દરેક ધર્મમાં ઉજવાય છે. જેમ કે શ્રાવણ માસ એટલે હિન્દુધર્મોમાં શ્રેષ્ઠ મનાય છે. મે માસમાં રોજા મહિનો મુસ્લિમો માટે મનાવાય છે. ડિસેમ્બર ૨૫ થી ૩૧ તારીખ સુધી ખ્રિસ્તી ધર્મનો શ્રેષ્ઠ ઉત્સવ હોય છે. એમ જૈન ધર્મમાં પર્યુષની છે. એના વિષે થોડી પ્રાથમિક વાત ને માહિતી આપવાનો ઉપક્રમ છે.

જૈન ધર્મનાં ઉપાસક, ચિંતક એવા પ્રો.ડો. એમ.કે. ભંડારી લખે છે. પર્યુષણ જૈન ધર્મનો મહત્વપુર્ણ અને પવિત્ર ઉત્સવ, પર્વ છે. જેને જેનો અત્યંત શ્રધ્ધા અને આધ્યાત્મિક સમર્પણ ભાવથી મનાવે છે. , ઉજવે છે.

જૈન ધર્મના બે ફાંટા છે. શ્વેતાંબર અને દિગંબર, બન્નેમાં થોડા વળો અંશે ફેરફાર રહેલો છે. શ્વેતાબર આઠ દિવસ અને દિગંબર દસ દિવસ પર્યુષણ પર્વ ઉજવે છે. પણ બન્ને ધર્મોનો ઉદેશ હેતુ, એકજ છે. કે જેના દ્વારા આત્મચિંતન, આત્મશુધ્ધિ, અને ધર્મકાય જીવન જીવવા માટે સંકલ્પબધ બને એટલા માટે જ જૈન પર્વો ઉત્સવોમાં પર્યુષણ મુકુંટમણિ – મહાપર્વ માનવમાં આવે છે.

જૈન પરંપરા માને છે કે આ પર્યુષણ પર્વ ભોગ વિલાસ કે બાહ્ય દેખા દેખીનો ઉત્સવ નથી, પણ આત્માનુંશાસન, આત્મનિરિક્ષણ અને આધ્યાત્મિક જાગરણનું પર્વ છે. પર્યુષણ દરમિયાન જૈન લોકો, આબાલવૃધ્ધ એક, બે ત્રણ કે આઠ દિવસ (ક્ષમતા અનુસાર) ઉપવાસ રાખે છે. જેમ હિન્દુ ધર્મમાં શ્રાવણ માસમાં એક ટાણા, મુસ્લિમમાં રોઝા આખો માસ રાખે છે. તેમ આ તમામ દરેક ધર્મમાં મજાવાતા કરાતા ઉપવાસ દ્વારા શરીરને કષ્ટ આપવાનો ઉદેશ નથી. પણ તેમના દ્વારા ઈન્દ્રિયોને અંકુશમાં રાખી, સંયમિત કરી તેને એદર લઈ જવાની હોય છે, અર્થાત દમન કરવાનું હોય છે. જેને આપણે કે ચિંતકો આત્મ શુદ્ધિનું જાગરણ કહે છે.

જૈન ધર્મના પર્યુષણનું મહત્વનું અંગ છે. પ્રતિક્રમણ, આ પ્રતિક્રમણ એ કોઈ ધાર્મિક ક્રિયા નથી. પણ એ દરમિયાન સાધક દિવસ દરમિયાન જાણતા અજાણતા થયેલા દોષોને ઈમાનદારી પુર્વક આત્મનિરીક્ષણ કરવાનું હોય છે. પદવાતાપ કરવાનો હોય છે. વળી મહત્વની વાત તો એ છે કે એવા દોર્ષો, કે કાર્યો ભવિષ્યમાં બેવડાય નહિ એવા સંકલ્પ સાથે પ્રતિક્રમણ કરવામાં આવે છ. ગૃહસ્થી સાથે મળી પોતાનાં વ્રતો અને પોતાનાં નૈતિક આચરણની પણ સમીક્ષા કરે છે.

પર્યુષણનો અંતિમ એન મહત્વપુર્ણ દિવસ એટલે "સંવત્સરી " જે સંપૂર્ણપણે માનવજાતિ ક્ષમાં અને મૈત્રી જાળવી રાખવાનો દિવસ છે. એ દિવસે દરેક જૈન તમામ લોકોને વિનમ્રતાપુર્વક કહે છે. "મિચ્છામી દુક્કડમ" અર્થાત "મારા દ્વારા મન, વચન, કર્મથી આણ્યે અજાણ્યે જે પણ અપરાધ થયા હોય તે નિષ્ફળ નિવડો, ભુલી જાવ અને મને માફ કરો.

પર્યુષણ દિવસો દરમિયાન લોકો દાન–દક્ષિણા આપે છે. જીવનજંતુઓની રક્ષા કરે છે. કેદમુળનો ત્યાગ કરે છે. મનોરંજન પ્રવૃતિઓ બંધ કરે છે. મોટે ભાગે મૌન ધારણ કરવાનું હોય છે. જપ–તપ અને આત્મચિંતન કરવાના હોય છે.

આ પર્યુષણ પર્વ માત્ર જૈન સમુદાય સુધી જ સીમિત નથી રહેતું એનો મુળ હેતું તો કરૂણા, આત્મસંયમ, અને સહ–અસ્તિત્વ જેવા સંપુર્ણ માનવજાત, સમાજ માટે પ્રેરણાદાયી અને ઉપયોગી છે. **અસ્તુ (મિચ્છામિ દુક્કડમ્)**



# બાલ એક્સપ્રેસ



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોક્સ

**સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી**

## ભાઈબંધ

**યશવંત મહેતાની શ્રેષ્ઠ બાળ વાર્તાઓ**

**સીતા એનું નામ.**

વનની કોરે એનું મકાન. બા તો જાણે સાકરની કણી. બાપુ જાણે સાચો મણિ. બેયને સીતા ખૂબ વહાલી.


સીતા નાનકડી છોકરી. બા–બાપુની એકની એક દીકરી જાણે રૂપાળી ઢીંગલી. કાલુંકાલું બોલે તો જાણે કલકલ કરતું ઝરણું વહે ! ધીમી પગલી પાડે તો જાણે પતંગિયું ફુલબાગે ફરે!

બાપુ વનના રખેવાળ છે. એટલે વનની કોરે રહે છે. આખો દહાડો વનમાં ફરે છે. વનનાં ઝાડ જુએ છે. વનની વનરાઈ જુએ છે. એ બધાંની સલામતીનો ભાર એમને માથે છે. ભાઈબંધ મળ્યા, બા આખો દિવસ કામ કરે છે. જમવાનું બનાવે છે. ઘર સાફ કરે છે. નવરાં પડે તો ભરત ગૂંથણ કરે છે.

ઘરને આંગણે બગીચો છે. રૂપાળાં અને મઘમઘતાં બહુરંગી ફૂલ ખીલે છે. વેલાઓના માંડવા છે. આસોપાલવનાં ઊંચા ઝાડ પણ છે. સીતા એમાં રમે છે. ઘરની પછીતે એક ઝરણુંવહે છે. કાચ જેવાં ઊજળ ાં નીર છે. પંખી જેવું કલકલ એનું ગીત છે. સીતા એને કાંઠે બેસી એ ગીત સાંભળે છે.

આવી મઝાની જગ્યાએ સીતા રહે છે. પણ સીતાને કશું ગોઠતું નથી. એને કશું ગમતું નથી. તમને થશે : સીતા દુ:ખી કેમ છે? મીઠડાં મા–બાપ છે. રૂપાળું ઘર છે. મઘમઘતો બાગ છે. કલકલતું ઝરણું છે. કલબલતાં પંખી છે. હરિયાળી ધરતી છે. તોય સીતા દુ:ખી કેમ છે? ભાઈ! તમને હજુ ન સમજાયું?

તો લો હું કહું: તમારે નાનકો ભાઈ છે, બબુડી બહેન છે, સરખેસરખા ગોઠિયા છે. બધાં સાથે તમે ભાઈબંધી કરો. બધાં સાથે રમો–જમો, હરોફરો અને ગમ્મત કરો.



પણ સીતા તો છે સાવ એકલી અને અટૂલી. નથી એને ભાઈ–બહેન કે નથી એને ભાઈબંધ.એટલે જ કોક દિ' એ સાવ ઉદાસ થઈ જાય છે. કોક દિ' આંખેથી ઊનાં આંસુડાં સરી જાય છે. બા પૂછે છે: 'શું થયું દીકરી?સીતા તો નથી બોલતી કે નથી ચાલતી. રડતી જાય છે ને હીબકાં ભરતી જાય છે.એને થાય છે કે આવડા મોટા ઘરમાં ને આટલા મોટા વનમાં હું એકલી છું. એકલી છું.

એને રડતી ભાળીને બા બિચારાં બહુ દુ:ખી થાય છે. બાપુ તો અડધાઅડધા થઈ જાય છે. ખાવા માટે મીઠાઈ આપે છે. રમવા માટે ઢગલોએક રમકડાં દે છે. ઢીંગલી, ઘોડો, હાથી, વાનર, રીંછ અને કુરકુરિયાંનાં પૂતળાં આપે છે. પણ સીતા તોછાની રહેતી જ નથી. બા પૂછે છે: શું થયું છે, દીકરી? બાપુ કહે છે : શું ઓછું આવે છે મારી આંખની કીકીને ? પણ સીતા બિચારી સમજે તો ને ! એને તો, બસ, ગમતું નથી, એટલી જ ખબર છે.

બા–બાપુ દીકરીના દુ:ખે દુ:ખી થાય છે. પણ દુ:ખનું કારણ જાણતાં નથી. દુ:ખનો ઉપાય કરી શકતાં નથી.

આમને આમ દિવસો જાય છે.

ઘણા મહિના વીતી ગયા છે. હવે તો સીતા ખૂબ ઉદાસ રહે છે. આખો દિવસ સૂનમૂન બેસી રહે છે.

એક દિવસ બાપુ કહે: 'સીતા ! મારી સાથે આવવું ॠ?

સીતા કહે: 'કઈ બાજુ?'

બાપુ કહે: 'વનમાં ફરવા.'

સીતા કદી વનમાં ગઈ નથી. એ સાવ નાનકડી છે.

એટલે બાપુ એને લઈ જતા નથી.

પણ આજે બાપુએ જાતે જ કીધું. સીતા રાજી થઈ ગઈ. એ કહે: હા, બાપુ. હું તમારી સાથે આવીશ.

એ તૈયાર થઈ ગઈ. બાપુ સાથે ચાલી નીકળી.

વનના મારગે ચાલતાં ચાલતાં બાપુ કહે: 'દીકરા ! તને એકલું એકલું લાગે છે ને?

સીતા કહે: હા બાપુ!

બાપુ કહે : તો ભાઈબંધ શોધી લે.

સીતા કહે: બાપુ! ભાઈબંધ એટલે શું ?

બાપુ કહે : જે તને ગમે તે તારો ભાઈબંધ. જેની સાથે રમવું ગમે, ફરવું ગમે, બેસવું ગમે, ગાવું ગમે, એ ભાઈબંધ કહેવાય.

ભાઈબંધ છોકરો હોય.

ભાઈબંધ છોકરી પણ હોય.

બિલાડી કે કુરકુરિયું હોય.

નાનકડો ઉંદર પણહોય.

આ ઝાડ જો. કેવું ઊંચું છે! એ આપણને ફળ આપે છે. લાકડાં આપે છે. ઉનાળ ાની ગરમીમાં છાંયો આપે છે. એની ડાળે હીંચકો બાંધીને ઝુલા ખાવાની તો ખૂબ ગમ્મત પડે છે.


ઝાડ આપણું ભાઈબંધ છે. અને આ કલકલ કરતું ઝરણું જો. એ જાણે આપણી સાથે વાતો કરે છે. આપણા પગને ઠંડા પાણીએ ધૂએ છે અને કાંઠે બેસીએ તો શીતળ હવા આપે છે.

ઝરણું આપણું ભાઈબંધ છે.

આ ખિસકોલી જો નાનકડાં ફળ વીણતી, દોડાદોડ આપણી. કરતી, ઝાડ ચડતી અને ચલલલચીં.... ચલલલચીં... કરતી કેવી આપણને બોલાવે છે ! એ પણ ભાઈબંધ છે



## જ્ઞાન ઝરણાં



પૂ.પા.શાસ્ત્રીજી રામચંદ્ર ડોંગરે મહારાજના શ્રીમદ ભાગવત રહસ્ય તથા સ્વામૃતમાંથી વહેતા

૩૨૩– સત્કર્મને યજ્ઞ કહે છે, યજ્ઞ કરવાથીચિત્ત શુદ્ધ થાય છે.

૩૨૪– સત્ય બોલવું એ પણ યજ્ઞ છે.

૩૨૫– સર્વ પાપનું મૂળ વાણીદોષ છે.

૩૨૬– જેનું જીવન નિષ્પાપ હોય તેને જ શાંતિ મળે છે.

૩૨૭– બુદ્ધિનો ઉપયોગ કેવળ અર્થોપાર્જન કરવા માટે ન કરો. તેનો ઉપયોગ ઈશ્વરોપાસના માટે પણ કરો.

૩૨૮– મનુષ્યના શરીરમાં નવ છિદ્રો છે, તે વાટે જીવ બહાર નીકળ ી જાય છે. ઈન્દ્રિયોને પ્રભુમાર્ગમાં વાળો.

૩૨૯– કાયા, વાણી, મનથી કોઈને દુભાવવું નહીં તે યજ્ઞ છે, વિના કારણે હૈયું બાળે તે આપઘાત કરે છે. સદા સર્વદા પ્રસન્ન રહેવું એ પણ યજ્ઞ છે.

૩૩૦– ચિત્તશુદ્ધિ વગર જ્ઞાન ટકતું નથી.

૩૩૧– જેનું મન મેલું છે એને પરમાત્માનો અનુભવ થતો નથી.

૩૩૨– જ્ઞાન ટકતું નથી તેનું એક કારણ છે. મનુષ્યનું જીવન વિલાસી બન્યું છે.

૩૩૩– પુસ્તકોની પાછળ પડે એ વિદ્વાન અને પ્રભુ પ્રેમમાં પરમાત્માની પાછળ જે પડે તે સંત.

૩૩૪– મન શુદ્ધ થાય એટલે હૃદયમાંથી જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે.

૩૩૫– તમારા મનને પૂછશો કે ઈશ્વરે મને જે સંપત્તિ, સુખ આપ્યાં છે તેને હું લાયક છું કે નહીં.

૩૩૬– શરીરમાં સવગુણોની વૃદ્ધિ થાય એટલે આપોઆપ જ્ઞાનનો ઝરો ફૂટે છે.

૩૩૭– સત્વગુણ વધે છે સંયમથી–સદાચારથી.

૩૩૮– લુલી માગે તે આપશો નહીં.

૩૩૯– પથારીમાં પડયાપછી ચાર મિનિટમાં ઊંઘ આવશે એમ લાગે ત્યારે જ પથારીમાં પડો. ઉંઘ નહીં આવે તો જીવ કામ – સુખનું ચિંતન કરશે.

૩૪૦– સુવર્ણ કરતાં સમયને કિંમતી ગણો.

૩૪૧– શરીરની સુંદરતા નહીં, હૃદયની સુંદરતા જુઓ નિત્યસુંદર એક ઈશ્વર છે.

૩૪૨– શાસ્ત્રમાં પત્નીને કામ પત્ની નહીં પણ ધર્મ પત્ની કહી છે.

૩૪૩– સ્ત્રીસંગ એ કામસંગ નહીં પણ સત્સંગ છે. એવી સ્ત્રી આપો કે મનને ભગવાન તરફ વાળે.

## આદેશાત્મક ચિહનો

અહીં વાહનો




પાર્ક કરવા નહિ

અડચણરૂપ થઈ શકે તેવી જગ્યાએ વાહન પાર્ક કરવાની મનાઈ ફરમાવતું ચિહ્ન છે. આ ચિહ્નમાં વાદળી અને લાલ રંગનો ઉપયોગ થયો છે તેની ખાસ

નવી પેઢી – નવો સંકલ્પ

**સલામત માર્ગ**



: ટ્રાફિકને ।નોંધ લેશો.



બાલમિત્રો,

જન્માષ્ટમી, કૃષ્ણજન્મોત્સવ, સાતમ આઠમ ધમમધૂમથી ઉજવીને ? ખુબ મજા કરી ખરૂને ? મંદિરોમાં શોભા કરી હશે. શણગાર કર્યો હશે. કનૈયાને પારણામાં ઝુલાવ્યો હશે. તમાર પરીવાર સોથ ખરૂને ? "નંદ ઘેર આનંદ ભર્યો જય કનૈયા લાલકી. રાત્ર બાર વાગે ગામ આખાને જગાડી દીધું હતું ને ? શોભાયાત્રા કાઢી હતી. ગામની વચ્ચે આવેલ સિનિયર સિટીઝન પાર્કમાં ભવ્ય મંડળ બનાવી શોભાય કરી હતી. તમે પણ પારિવાર સાથે દર્શને ગયા હતા ને ?

આથી બધી મોજ તો તમે કરી ખાદુ પીધુ મોજ કરી પણ તમને કયોય એવો વિચાર આવ્યો વિચાર આવ્યો કે આ કનૈયા હતો કોણ ? એવો એવું ને શું કર્યુ કે દર વર્ષ તેમનો જન્મોત્સવ, હેપી બર્થ ડે ઉજવવામાં આવે ? સમગ્ર ભારત ખાસ કરીને ગુજરાત તેની પાછળ પાગલ બને છે. શા માટે ? આવું કયોય વિચાર્યુ ? તમે કોઈ વડિલોને પુછયું ? કોઈ સંતને પુછયું ? તમારા શિક્ષકને પુછયું તો પછી ગાડરિયા બનીને શા માટે નીચી મુંડી રાખી બધાની સાથે ચાલો છો ? જણાવું તો જોઈએને ? જો તમને ખબર હોય તો સંપાદકને પત્રથી જાણ કરજો.



## પહાડે ગાયાં ગીતો

**– શ્રી ભારતી બહેન ગોહિલ**
**લબકઝબક**

ખૂબ મોટો અને બરફથી જામેલો એક પહાડ હતો. એક વખત બે બહેનો ઈશા અને પ્રિયા એના પરિવાર સાથે આ બરફના પહાડ પાસે ફરવા આવી હતી. તમને તો ખબર છે ને બરફના પહાડ પાસે તો કેટલી ઠંડી હોય? સેએ ગરમ ગરમ કપડાં પહેર્યાં હતાં તોયે મોં માંથી ' ઠાઠાઠંડી શબ્દ નીકળી જાય એવું ઠંડુગાર વાતાવરણ હતું.વાત વાતમાં ઈશા બોલી, દીદી,આ સામેનો પહાડ મસ્ત લાગે છે નહીં? જાણે ધોળો ધોળો દૂધ જેવો! એવું થાય કે એને જોતી જ રહું... જોતી જરહું.ઘડીભર પ્રિયા કંઈ ન બોલી. પછી કહે, હા, પહાડ તો સુંદર છે, પણ તેં જોયું? એની બધી બાજુએ તો બરફ, બરફ ને બરફ જ! મને તો એના કરતાં નદી ગમે। ઝરણું ગમે. એની પાસે બેસીને પગ બોળી શકાય. ધ્યાનથી સાંભળીએ તો એ ગીત ગાતાં હોય એવું લાગે ને આ પહાડ પાસે તો છે ખાલી બરફ જ.કયારેય ખળખળ વહે નહીં ને કોઈ ગીત ગાય નહીં. જાણે મૂંગો મૂંગો ઊભો હોય એવું લાગે !ઈશા તો ઘડીભર પ્રિયાની વાત સાંભળતી જ રહી. તેને થયું વાત તો સાચી છે. પાણી એ પાણી ને બરફ એ બરફ!થયું એવું કે એ બંને બહેનોની વાત બરફનો પહાડ સાંભળી રહ્યો હતો. અત્યાર સુધી પહાડને તો એવો વહેમ જ હતો કે લોકો કેટલી લાંબી મુસાફરી કરીને મારી સુંદરતા જોવા આવે છે. મને કમેરામાં કેદ કરે છે, મારી ગોદમાં રમે છે અને સેલ્ફી તો બાપ રે, કેટલી પાડે! તેથી મારા જેવું સુંદર અને લોકોને પ્રિય હોય એવું સ્થળ બીજું કોઈ હોઈ જ ન શકે!પણ પ્રિયાને કેમ હું ન ગમું અને નદી ઝરણાં ગમે એવી વાત પહાડને મૂંઝવે ! એમ કરતાં કરતાં રાત પડી. સૂરજદાદા સંતાઈ ગયા અને ચાંદામામા આવી પહોંચ્યા.

રાત્રે પણ પહાડને નવા નવા વિચાર આવે. એમ થાય કે વર્ષોથી અહીં ઊભો છું. ઊભા ઊભા આમ પણ હવે થાકયો છું. હું એવું કરૂં કે બરફમાંથી પાણીબની જાઉં તો ખળખળ ખળખળ વહુ ને કલકલ ગીતો ગાઉં. પછી નાનાં બાળકોને ગમું!આવું મન તો બહુ થયું, પણ પહાડમાંથી નદી થવું કેવી રીતે ? એ સમજાયું નહીં.ત્યાં આકાશમાં ચાંદામામા દેખાયા.પહાડને થયું લાવ ચાંદામામાને વાત કરૂં. એ જરૂર કૈંક મદદ કરશે. એમ વિચારી તેણે મોટેથી કહ્યું, ઓરા આવો ચાંદામામા કાનમાં કંઈક છે કહેવું, થાક લાગ્યો છે ઊભા ઊભા, હવે નદી થઈને વહેવું !ચાંદામામા તો આ સાંભળીને ખડખડ કરતા હસવા લાગ્યા.પછી કહે, પહાડભાઈ, તમે આમ થાકી જાવ તે કેમ ચાલે ! અને ઊભા ઊભા જો થાકશો તો નદી થઈને દોડવું જ પડશે એનું શું ? પહાડે જવાબ આપ્યો, ચાંદામામા, અહીં ઊભા ઊભા કંઈ નવું જોવા મળતું નથી. નદી થઈશ તો નવી નવી જગ્યા જોતો જઈશ અને વહેતો જઈશ. પછી થાક નહીં લાગે.ચાંદામામા કહે, વાત તો સાચી, પણ જો હું છું તારી જેમ ઠંડો ઠંડો. એટલે તારી કંઈ મદદ ન કરી શકું. એવું કર. તું સૂરજદાદા પાસે મદદ માગજે. એ તો ભલભલાને મદદરૂપ થાય છે. તને પણ જરૂર મદદ કરશે. ચાંદામામાએ બરાબર જ કહ્યું છે. સવારે સૂરજદાદા પાસે મદદ માગીશ એમ વિચારી પહાડ તો શાંતિથી ઊંઘી ગયો. સવાર પડી. ચાંદામામા ગાયબ. સૂરજદાદા હાજર. પહાડ તો રાહ જ જોતો હતો. કયારે સૂરજદાદા આવે ને કયારે મદદ માગું ! ધીમે ધીમે કરતાં સૂરજદાદા બરાબર માથા પર આવ્યા. તે જોઈને પહાડે મોટેથી કહ્યું,આવો આવો સૂરજદાદા, કંઈક છે તમને કહેવું, થાક લાગ્યો છે ઊભા ઊભા, હવે નદી થઈને વહેવું ! 'સૂરજદાદાએ તો પહાડની વાત સાંભળી લીધી. પછી કહ્યું, અરે વાહ ! તારે નદી થવું છે એ વાત મને ગમી, પણ અત્યારે ચાલે છે શિયાળો. મારે બહુ કામ હોય. એમ કર તું ઉનાળ ા સુધી ખમી જા. પછી નિરાંતે આવીને તને મદદ કરીશ.ભલે ભલે સૂરજદાદા. હું તમારી મદદની રાહ જોઈશ.કહી પર્વત તો પોતાના કામમાં પડી ગયો ને સૂરજદાદા એના કામમાં. એમ કરતાં કરતાં શિયાળો જતો રહ્યો અને ઉનાળો આવી ગયો.સૂરજદાદાને તો પહાડને આપેલું વચન યાદ જ હતું. સમય થયે આવી પહોંચ્યા મદદ કરવા ને પછી તો એવા તપ્યા એવા તપ્યા કે પહાડનો કેટલોક બરફ ઓગળવા લાગ્યો. ધીમે ધીમે એમાંથી પાણી થયું ને પાણી થવાથી વહેવા લાગ્યું. પછી થયો ચમત્કાર ! વહેતાં વહેતાં નદી થઈ.

ખળખળ ખળખળ વહેતી થઈ.

રસ્તામાં તો જંગલ આવે.

ઝાડવાંઓને મળતી ગઈ.

કાંઠે કાંઠે ગામ આવે.

બાળકોને ગીત સંભળાવતી ગઈ.ચાલતી ગઈ, ચાલતી ગઈ.

રૂમઝૂમ રૂમઝૂમ નાચતી ગઈ!

બાળમિત્રો, પહાડને તો નદી થવાની મજા પડી ગઈ. તેણે નક્કી કર્યુ કે જયારે જયારે ઉનાળ ોઆવે અને સૂરજદાદા નવરા પડે ત્યારે ત્યારે નદી થઈ જવું!પછી તો એવું બન્યું કે દર ઉનાળે થોડોક પહાડ નદી થઈ જાય. નદી થઈને ખળખળ વહેવા લાગે. કલકલ ગીતો ગાવા લાગે. ઈશા અને પ્રિયા જેવાં જ બાળકો આવે અને તેમાં પગ બોળે. હવે કોઈ પહાડને એમ નથી સંભળાવતું કે પહાડ તો ખળ ખળ ખળખળ વહે નહીં ને કયારેય ગીત ગાય નહીં !

# કપટનું ફળ

બાળ નિર્માણની વાર્તાઓ
ડો.આશાબહેન એ.શાહ - સરસિજ



કહેવાયને ? એવું ખરાબ કામ હું નહીં કરૂં, સસલો બોલ્યો.

એકાએક શિયાળની બુદ્ધિએ કૂદકો માર્યો. તેને એક ઉપાય સૂઝ્યો. તે બોલી – અરેરે ! પૂછ્યા વગર શા માટે લઈએ.
ખેતરને પૂછીને લઈશું.

ખેતર કંઈ બોલે ખરૂં?' પ્રીતુએ પૂછયું. 'હા, હા, બોલશે જુઓ. ધૂર્તા બોલી.

પછી એણે મોટા અવાજથી ખેતરને પૂછ્યું કે, ' ખેતર ભાઈ અમે ખૂબ જ ભૂખ્યાં છીએ. જો કહો તો થોડા ગાજર લઈ લઈએ.
પછી તે અવાજ બદલીને બોલી, લઈ લો, બહેન, તમારી ભૂખ પૂરી કરો.

પ્રીતુ થોડે દૂર ઝાડ નીચે બેઠો હતો એટલે તે શિયાળ ની ચતુરાઈ સમજી શકયો નહિ. એણે ધાર્યુ કે ખેતર જરૂર બોલ્યું હશે.

શિયાળે ખૂબ જ ગાજર લઈ લીધાં કે જેથી સસલાની આખી થેલી ભરાઈ ગઈ. હવે શિયાળાના મોંમાં પાણી આવ્યું–એણે વિચાર્યુ કે ગમે તેમ કરીને હવે સસલા નેઅહીંથી નસાડવો
જોઈએ. એટલે બધાં ગાજર ખાવા મળશે. મહેનત મેં કરી છે એટલે સસલો કેવી રીતે ખાય ?

ધૂર્તાએ દર્દથી પ્રીતુને કહ્યું ભાઈ મારા પગમાં ઘણો જ દુઃખાવો થાય છે. હવે મારાથી સહેજ પણ ચલાશે નહિ. જો તું આ ઘઉંદળાવી લાવે તો તારો આભાર માનીશ. ત્યાં સુધી હું આ ઝાડ નીચે બેઠી છું.
પ્રીતુ પરોપકારી સ્વભાવનો હતો, તે તરત જ બોલ્યો, 'હમણાં દળ ાવી લાવું છું, કાકી તમે અહીં બેસો.

સસલો કોથળો ઉપાડીને ઘંટી તરફ ઉપડયો એ દેખાતો બંધ થયો કે શિયાળે બગીચા વચ્ચે બેસીને ગાજર ખાવાનું શરૂ કર્યુ.

પણ ત્યાં બે – ચાર ગાજર ખાતા પહેલાં જ ઝાડીમાંથી રીંછ નીકળી આવ્યું. જેવી એની નજર ધૂર્તા પર અને એની ગાજરથી ભરેલી ટોપલી પર પડી કે તેને ખૂબ ગુસ્સો આવ્યો. શિયાળને મારતાં મારતાં બોલ્યો, અરે ધૂર્તા, તને બીજાની વસ્તુઓ ચોરીને ખાતાં શરમ નથી આવતી ?

'મેં ચોરી કરી નથી, મેં તો ખેતરને પૂછીને લીધાં છે! ધૂર્તિએ પોતાની છાતી ફુલાવીને કહ્યું.

સારૂં, હું ખેતરને પૂછી જોઉં છું.રીંછ બોલ્યો. વાસ્તવમાં થયું એમ કે ઝાડ પાછળ છુપાઈને શિયાળ અને સસલાની વાત રીંછે સાંભળી હતી. તેને પણ એક ઉપાય સૂઝ્યો.
'ખેતરભાઈ, આ ચોરી કરનાર શિયાળને હું સજા કરૂં? રીકે પૂછ્યું.

# ડાબરીયાનો જંગ : થોભો ! જંગ હજી જારી છે

ચાંદનીના શીતળ અજવાળામાં હીરો વિજયસિંહ, હીરોઇન ડો.ગીતાબેન અને ચારેય ટાબરિયાંઓ એકમેકને વેલની જેમ વીંટળાઈ વળ્યાં. સાથીદારો સમેત સૌ જંગમાં જીતી ગયાંનો હરખ વ્યક્ત કરી રહ્યાં. ખોજમાં આવેલા વનસંરક્ષક અધિકારી પ્રતાપભાઈ ધીમારે વિજયસિંહ પાસેથી સંઘર્ષકથા જાણી લીધી. તેમણે સુરક્ષા વિભાગનાં અધિકારીને બનેલી ઘટનાનો અહેવાલ ફોન દ્વારા આપ્યો. તેમણે ટાબરિયાંઓને તેમનાં અનોખાં પરાક્રમ માટે ખૂબ ખૂબ શાબાશી આપી. મિ.ધીમારે તેમને જણાવ્યું કે હવે આવતીકાલે મિલિટરી વિભાગ બાકીની શિક્ષાત્મક કાર્યવાહી આગળ વધારશે. નાયકે કહ્યું કે આપણે તેમનામાં રાષ્ટ્રપ્રેમ જગાડવો છે. શિક્ષાને બદલે શિક્ષણ –એ જ આપણો અભિગમ હોવો જોઈએ. એ સમયે પૂર્વમાં પ્રભાતની લાલિમા છવાઈ રહી હતી.

જીપગાડીમાં બેઠાં ત્યારથી દિશાએ ડો. આન્ટીને સેની પાટાપીંડીની કામગીરીમાં લગાડી દીધાં હતાં. સુરક્ષાકર્મીઓને આંબલીને આંબળાં ચૂસવા માટે આપી રહી હતી. હીરો પપ્પાના ખોળામાં કૂદંકૂદા કરતો હતો. ધરા અને વિશ્વ જંગલમાં ઊગતી સવારનું ઉલ્લાસમય વાતાવરણ માણી રહ્યાં.

ચકરાવો મારીને તેઓ વિજયસિંહની જીપગાડીએ પહોંચ્યાં ત્યારે ઝગારા મારતો સૂર્ય તેઓને જોઈને હસી રહ્યો. ગાડી ઉપર, નીચે, આસપાસ ને ઝાડવાં ઉપરવાંદરાં લટકાં કરી રહ્યાં હતાં. તેઓને જોતાં જ ભાગમભાગ કરી મૂકી. એ ચોરટાઓ! ભાગો છો ક્યાં? મારાં સફરજન તો આપતા જાઓ. દિશાએ બરાડો પાડ્યો.

સૌ દાંત કાઢવા લાગ્યા. પછી નજીક આવેલા વહેળામાં હાથપગ ધોઈ પરવાર્યા. પથરાના ચૂલા પર દૂધનાં પાવડરનાં દૂધમાંથી ચા બનાવી. ગરમાગરમ પેંઆબટાકા ખાધાં. હવે ડા. ગીતાબેને જીપગાડીનું સુકાન સંભાળ્યું. ધરા હીરો સાથે આગળ બેઠી. બાળકોએ હીપ હીપ હુર્રરે કર્યુ ને જંગલ ગાજી ઊઠ્યું. સુરક્ષાકર્મીઓની જીપગાડી હવે તેમની પાછળ હતી. સૌએ ગાવાનું શરૂ કર્યુ.

મંગલ જંગલ જંગલ મંગલ,
મંગલમ્ મંગલ જંગલ મંગલ;
જંગલમાં મંગલ મંગલ જંગલ,મંગલમ્ મંગલ સર્વમ્ મંગલ.
હીપ હીપ હુર્રરે જંગલ મંગલ,
હીપ હીપ હુર્રરે જંગલમાં મંગલ....

# ચિત્રમાં રંગ પુરો



# પ્રેરણાસ્ત્રોત : જાંબુવાનની જરૂરત

જ્ઞાનજ્યોતિ
શ્રી ગિજુભાઈ ભરાડ

સંબંધોની પણ, માની લો કે, બેન્ક હોય છે. એમાં સામસામા ખાતા હોય છે, જમા અને ઉધાર હોય છે. જેમની સાથે તમારા સંબંધો છે તેમના એકાઉન્ટમાં તમે શું જમાકરાવો છો અને શું ઉપાડ કરો છો એની પણ સહુના મનમાં સૂક્ષ્મ હિસાબી મુદ્રા ઉપસતી રહેતી હોય છે. કેટલાક લોકોને માત્ર ચેક લખ્યા કરવાની ટેવ હોય છે, તેઓ જમા કરાવવાનું ભૂલી જાય છે. પછી એક દિવસ એવો આવે છે જયારે ચેક પાછા ફરે છે. એટલે કે તમારા કુટુંબીજનો, સ્નેહીજનો, મિત્રો તમારૂં કહ્યું કરતા નથી.

એની સામે એવા પણ લોકો છે જેઓ પ્રવાસે જશે તો યાદ રાખીને તમને ગમતી નાનકડી ભેટ લાવશે, તમારો જન્મ દિવસ યાદ રાખશે, તમારા સૂચનને હુકમ માનીને અમલ કરશે, તેઓ કદી પણ ઉપાડ નહીં કરે, માત્ર જમા જ કરાવતા રહેશે, તેઓનું જીવન ધન્ય છે અને બેન્ક ઓફ રિલેશન્સના ચોપડે તેઓ સહુથી વધુ સંબંધોની શ્રીમંતાઈ ભોગવનારા બનશે. સમય મળે, આપણા બીજાઓની હૃદયબેન્કમાં રહેલા એકાઉન્ટ પર નજર કરજો અને જમા સાઈડ વધારજો.

# દેશભક્તિ જાગી, ઊંચીપદવી ત્યાગી

આઈ.સી.એસ. એટલે ઈન્ડિયન સિવિલ સર્વિસ. હિંદમાં રાજ કરવા માટે બ્રિટિશરોને હિંદી વહીવટી નારાજ થાય, એટલે એમણે ઘોડેસવારીનીપરીક્ષા ન આપવાનો રસ્તો લીધો.

શ્રી અરવિંદ જીવનધારા
ગુજરાત સાહિત્ય અકાદમી
લેખકશ્રી : જ્યોતિબહેન થાનકી

અધિકારીઓની જરૂર પડતી હતી. એ અધિકારીઓ માટે બ્રિટનમાં આ પરીક્ષા લેવાતી હતી. એ યુગમાં આઈ.સી.એસ. ઓફિસર બનવું એ કોઈ પણ હિંદી યુવાન માટે સભ્દાગ્ય ગણાતું. એ આફિસરોનો મોભો પણ રાજાઓ ને દીવાન જેવો જ રહેતો. ડા. કૃષ્ણધન પોતાના પુત્રને આવા વહીવટી અધિકારી બનાવવા ઈચ્છતા હતા. આથી તેમણે ત્રણેય પુત્રોને આઈ.સી.એસ.ની પ્રવેશપરીક્ષા આપવા જણાવ્યું. પિતાની આજ્ઞા અનુસાર ત્રણેય જણાએ પ્રવેશપરીક્ષા તો આપી પણ એમાં પાસ થયા એકમાત્ર શ્રીઅરવિંદ. અને તે પણ પ્રથમ વર્ગમાં, ઉચ્ચ નંબરે. જયારે તેમના બંને ભાઈઓ પ્રવેશમાં જ અટકી ગયા. બી.એ.ની પરીક્ષાની સાથે સાથે શ્રીઅરવિંદે આઈ.સી.એસ.ની લેખિત પરીક્ષા પણ આપી. અને તેમાં પણ તેઓ ઘણા ઉચ્ચ ગુણાંકે પાસ થઈ ગયા. હવે આઈ.સી.એસ. થવા માટે એક ઘોડેસવારીની પરીક્ષા બાકી રહી. પણ એ દરમિયાનમાં શ્રીઅરવિંદને હિંદમાં બ્રિટિશરો કેવો જુલમ આચરે છે, એની જાણ થઈ. અને તેમના અંતરમાં દેશભક્તિ જાગી ઊઠી. એટલે તેમને થયું કે બ્રિટિશ સરકારની ગુલામી જેવી નોકરી કરવી નથી. હવે જો સીધેસીધી ના પાડે તો પિતાજી

પહેલી વાર પરીક્ષા આપવા ગયા જ નહીં. બીજી વાર તક આપવામાં આવી તો જાણીજોઈને ઘરેથી મોડા નીકળ્યા ને ટ્રેન ચૂકી ગયા. પછી ગયા જ નહીં. જયારે એમના પ્રોફેસર પ્રોથરોએ આ વાત જાણી ત્યારે એમને ખૂબ લાગી આવ્યું કે મિ. ઘોષ જેવો તેજસ્વી યુવાન ફક્ત ઘોડા ઉપર ન બેસવાને કારણે સનંદી અધિકારી બની શકતો નથી એ તો ખોટું કહેવાય. એટલે એમણે બ્રિટનમાંની હિંદી કચેરીને ખાસ પત્ર લખ્યો કે મિ. ઘોષને ઘોડેસવારીની પરીક્ષાની ફરી તક આપવામાં આવે. પણ બ્રિટનમાંની હિંદી કચેરીએ શ્રીઅરવિંદે હિંદી વિદ્યાર્થીઓએ સ્થાપેલા મંડળમાં બ્રિટિશ સરકારના જુલમની વિઢ્દ્ધ આપેલાં ભાષણોની નોંધ લીધી હતી, અને આ કારણે એમને આઈ.સી.એસ.ની પદવી ન આપી. નહીંતર ભૂતકાળમાં ઘણા કિસ્સાઓમાં એવું બન્યું હતું કે આઈ.સી.એસ. અધિકારી બન્યા પછી, હિંદમાં જઈને પણ મોડેસવારીની પરીક્ષા લેવામાં આવી હોય. પણ શ્રીઅરવિંદની ઈચ્છા નહોતી અને સરકારે એમને આ તક પણ ન આપી. આમ આઈ.સી.એસ. થવા છતાં તેમને આ પદવી ન મળી.

# ચિંતા કરશો નહી

**કેટલાક મનુષ્યો કહે છે કે :** મને શું થાય છે એની હું ચિંતા કરતો નથી. પણ હું તો બીજા માટે ચિંતા કરૂ છું." આ બીજા પ્રકારનું અજ્ઞાન છે. આમ કહેનારા પોતાની જાતને

માનસિક શાંતિનાં સચોટ ઉપાયો
લેખક શ્રી સેન.અનંતનારાયનમ્

જ છેતરે છે. તમારા દીકરાની ગાંડપણની કે કોઈની સાથે ભાગી ગયેલી તમારી દીકરીની ચિંતા ન કરો. જિંદગીની કરૂણતાઓ ઘટાડવા તમે તમામ સાધન વડે પ્રયત્ન જરૂર કરો, પણ ચિંતા તો લેશ માત્ર ના કરો. દરેક વ્યક્તિના જીવન પર એનાં પાછલા કર્મોની જ સત્તા ચાલે છે. (દુનિયાના તમામ બુદ્ધિજીવીઓ માને યા ન માને) કોઈના પણ પ્રારબ્ધમાં વાળની જાડાઈ જેટલો પણ એટલે કે એક લીટી જેટલો પણ ફેરફાર કરવાની કોઈનામાં શક્તિ નથી. અરે જયારે : ને મદદ કરતો કે ઈજા કરતો લાગે ત્યારે પણ દ્વારા ભગવાન જ (ના, ના પાછલા કર્મ જ) કામ કરતા હોય છે, મ પોતે નહિં. એકવાર તમે આ સમજી જશો પછી તમે બીજા માટે કે તમારી જાત માટે ચિંતા કરવાનું છોડી દેશો. ચિંતા શક્તિને નબળી પાડે છે અને સમયનો બગાડ કરે છે. એ તો નરી કાયરતા છે. જે માણસ આવી ચિંતા. કરે છે તે ઈશ્વરીય કાયદાઓ વિષેના તેના અજ્ઞાનનું જ પ્રદર્શન કરે છે.

# વલ્લભભાઈ ઝ. પટેલ

ગાંધી-ગંગા
(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)
સંપાદક : મહેન્દ્ર મેઘાણી

**૭૮. આંગણે વહેતી ગંગા**

તમે અમદાવાદના શહેરીઓ તરફથી માનપત્ર આપ્યું તેમાં મને ગાંધીજીના પટ્ટશિષ્ય તરીકે વર્ણવેલો છે. હું ઈશ્વર પાસે માગું છું કે મારામાં એ યોગ્યતા આવે. પણ હું જાણું છું, મને બરાબર ખબર છે કે મારામાં એ નથી. એ યોગ્યતા મેળવવા માટે મારે કેટલા જન્મ લેવા જોઈએ એની મને ખબર નથી. સાથે જ કહું છું કે તમે પ્રેમના આવેશમાં જેબીજી અતિશયોક્તિ ભરેલી વાતો મારે માટે લખી છે તે હું પી જાઉં તો ચાલી શકે, પણ આ વાત ન ગળી શકાય એવી છે. તમે સૌ જાણતા હશો કે મહાભારતમાં દ્રોણાચાર્યને એક ભીલ શિષ્ય હતો, જેણે દ્રોણાચાર્ય પાસેથી એક પણ વાત સાંભળી નહોતી, પણ ગુરૂનું માટીનું બાવલું કરી તેનું પૂજન કરતો અને તેને પગે લાગી દ્રોણાચાર્યની વિદ્યા શીખેલો. જેટલી વિદ્યા એણે મેળવી હતી એટલી દ્રોણાચાર્યના બીજા કોઈ શિષ્યે મેળવી નહોતી. એનું શું કારણ ? કારણ કે એનામાં ગુરૂ પ્રત્યે ભક્તિ હતી, શ્રદ્ધા હતી, એનું દિલ સ્વચ્છ હતું. મને તમે જેનો શિષ્ય કહો છો તે ગુરૂ તો રોજ મારી પાસે પડેલા છે. એમનો પટ્ટશિષ્ય તો શું, અનેક શિષ્યોમાંનો એક થઈ શકું એટલી પણ યોગ્યતા મારામાં નથી એ વિશે મને શંકા નથી. મને આશા છે કે હિન્દુસ્તાનમાં એમના ઘણા શિષ્યો જાગશે, જેમણે એમનાં દર્શન નહીં કર્યા હોય, જેમણે એમના શરીરની નહીં પણ એમના મંત્રની ઉપાસના કરી હશે. આ પાક ભૂમિમાં કોક તો એવો જાગશે જ. કેટલાક લોકો કહે છે કે ગાંધીજી ચાલ્યા જશે ત્યારે શું થશે ? હું એ વિશે નિર્ભય છું. એમણે પોતે કરવાનું હતું તે કરી લીધું છે. હવે જે બાકી રહેલું છે તે તમારે ને મારે કરવાનું છે.

# પટેલસાહેબ, હું બીજી સગવડ કરી લઈશ.

બકોર પટેલની કહાણીઓ
હરિપ્રસાદ વ્યાસ ગાંડીવ : હાથીગેટ, ચૌટાપૂલ, સુરત-૩૯૫૦૦૩

પણ બકોર પટેલે એમને આગ્રહ કરી પાન ખવડાવ્યું ને પછી સસમલ શેઠ 'માફ કરજો, પટેલસાહેબ' કહેતા વિદાય થયા.

શકરી પટલાણી અંદરના ઓરડામાં રહ્યે રહ્યે બધી વાત સાંભળ તાં હતાં. બહાર આવીને કહે : લેવડ–દેવડની બાબતમાં જબરા પાક્કા છો, હોં ! ઠીક ટાઢા પાણીએ ખસ કાઢી. મને તો એમ જ થતું હતું કે હમણાં હા પાડી દેશોને રૂપિયા ગણી આપશો. બકોર પટેલ મનમાં ને મનમાં હસ્યા, ને પછી જાણે મોટી જીત કરી હોય તેમ કહે : 'અરે પટલાણી, એમ બની જાય તે બીજા ! બકોર પટેલ નહિ ! ત્યાંથી નીકળીને સસમલ શેઠ પહોંચ્યા ટીમુ પંડિતને ઘેર. મનમાં થયું : 'પંડિતજી ગમે તેમ કોઈક રસ્તો બતાવશે'. ટીમુ પંડિત બહાર જવાની તૈયારીમાં હતા, એટલામાં સસમલ શેઠ જઈ પહોંચ્યા. બધી વાત કરી. બકોર પટેલે પૈસા ધીરવાની ના પાડી તે પણ કહ્યું. પંડિતજી થોડી વાર તો વિચારમાં પડી



ગયા. પછી કહે : 'શેઠ, પાંચસો રૂપિયાની સગવડ કરવાનું મારૂં કંઈ ગજું નહિ; પણ બકોર પટેલ પાસેથી જ પાંચસો અપાવું.''શેઠ બોલી ઊઠયા : પંડિતજી, એ વાતમાં કંઈ માલ નથી. ભૂલો છો તમે. પટેલ પાંચસો તો શું પાંચ પૈસા પણ નહિ આપે. એક વખત મેં દેવાળું કાઢયું ત્યારથી એમના મનમાં મારે માટે અણભરોસો ભરાયો છે. પંડિતજી તરત તો મૂંગા રહ્યા. પણ મિનિટેક રહીને હસતાં હસતાં સસમલ શેઠનો બરડો થાબડયો ને કહ્યું : હં, આબાદ રસ્તો જડયો ! બકોર પટેલે તમને તિજોરીનું કહ્યું હતું, તે ફરી થી બરાબર કહો. સસમલ શેઠે બધી વાત કરી. પટેલને વપરાયલી તિજોરી ખરીદવી છે, તેની તપાસ કરવાનું સોંપ્યું છે એમ જણાવ્યું ટીમુ પંડિતને સસમલ શેઠને પોતાની કરામત સમજાવતાં કહ્યું: 'જુઓ. આ વાત હુંને તમે બે જ જાણીએ. બહાર કશે કરતા નહિ. મેં સમજાવ્યું તેટલું જ તમારે કરવાનું આજથી ચોથે દિવસે તમને પાંચસો રૂપિયા ન અપાવું, તો મારૂં નામ ટીમુ પંડિત નહિ !
બીજે દિવસે–સોમવારે પેઢી પર જતાં જતાં પટેલને સસમલ શેઠનો ગાડીમાં ભેટો થયો. પટેલના

# શ્રેષ્ઠ બલિદાન કોનું

રપ-વાર્તાઓ
વિક્રમ - વેતાલ
સાગર પબ્લીકેશન-ગાંધીરોડ-અમદાવાદ

વિક્રમ રાજાએ વેતાલને સિદ્ધ વૃક્ષ પરથી ઉતારી અમે નાંખી ચાલવા માડયું. વેતાલે વાર્તા કહેવી શરૂ કરી.

**વાર્તા:** વર્ધમાન નામની નગરીમાં રૂપસેન નામે મહાપ્રતાપી અને દયાળુ રાજા રાજ કરતો હતો. એની પ્રશંસા સાંભળી દૂર દૂરથી બુદ્ધિમાન લોકો એને મળવા. આવતાં. રાજા એ બધાનો યોગ્ય આદર સત્કાર કરતો અને એમની સાથે જ્ઞાન ગોષ્ઠી કરતા.રાજા રૂપસેનની પ્રશંસા સાંભળી બીરબલ નામનો એક સિપાઈ એનારાજયમાં આવ્યો. એક દિવસ સાંજે એ રાજાના મહેલે આવ્યો. ચોકી કરતાં સિપાઈઓને કહ્યું– 'મારે રાજા રૂપસેનને મળવું છે. મારે ખાસ કામ છે.' સિપાઈઓ એ એને રાજા સમક્ષ રજૂ કર્યો બીરબલે રાજાને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને કહ્યું, કે – 'હે રાજન, હું બહુ દુઃખી છું.'

'શું દુઃખ છે તને.' રાજાએ પૂછયું.બીરબલ બોલ્યો– 'રાજન્ હું એક વફાદાર સિપાઈ છું. પહેરેદારીનું કામ કરવું અને સ્વામીની આજ્ઞાનું પાલન કરવાનું યોગ્ય રીતે જાણું છું. પરંતુ મને કોઈ કામ પર રાખતું નથી.'

'કેમ, એનું કારણ શું છે ?' રાજાએ પૂછયું.'રાજન ! હું એક દિવસ કામ કરવાનું મહેનતાણું સો સોનામહોર માંગુ છું, જે કોઈ નથી આપતું.' બીરબલની વાત સાંભળી રાજા વિચારમાં પડી ગયા. રાજાની આજુબાજુ ઉભેલા લોકો પણ એની આ 'માંગણી પર હસવા લાગ્યા. રાજાએ પૂછયું – 'તારા કુટુંબમાં કેટલા માણસો છે ?'અન્નદાતા! મારા કુટુંબમાં મારી પત્ની, એક પુત્ર, એક પુત્રી અને હું એમ ચાર માણસો છીએ. મેં વર્ષો સુધી નરેશ જયસેનની સેવા કરી છે. એ હવે ગુજરી ગયા છે એટલે હું તમારી સેવા કરવાના વિચારથી અહીં આવ્યો છું.'

'એ તને શું મહેનતાણું આપતા હતા.' 'અન્નદાતા! તેમની પાસેથી સો સોનામહોર રોજ મેળ વતોહતો.'

# આ મારું ચિત્ર છે




વિશ્વા નરેશભાઈ પરમાર
(શ્રીમતી પીએન.વોરા વિદ્યાધાનેકતન–અમરેલી)



શેખ સાનિયા મહંમતભાઈ
(ધો.૬(એ) રૂપાયતન પ્રા.શાળા,અમરેલી)



બાબરીયા જયદેદ
(બાલમંદિર– રૂપાયતન પ્રા.શાળા–અમરેલી)



રાઠોડ ઈશિતા સુરેશભાઈ
(ધો.૭(એ) રૂપાયતન પ્રા. શાળા અમરેલી)

# બાબરા : ભાદરવી અમાસે નીલકંઠ મહાદેવના સાંનિધ્યમાં લોકમેળામાં માનવ મહેરામણ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

ભાદરવી અમાસના પાવન અવસરે બાબરા ખાતે પંચકુંડે શ્રી નીલકંઠ મહાદેવના સાનિધ્યમાં આયોજિત ભાતીગળ લોકમેળામાં લોકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. મેળાના સ્થળે હૈયે હૈયું દળાય તેવી માનવમેદની ઉમટી પડતા સમગ્ર મેળા પરિસર લોકોથી ઉભરાઈ ગયું છે. શહેર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો પરિવારજનો સાથે મેળાની મોજ માણવા ઉમટી પડયા છે. મેળામાં વિવિધ પ્રકારની ચીજવસ્તુઓના ખરીદીના સ્ટોલ, રમકડાં સહિતના આકર્ષક સ્ટોલ તેમજ ખાણીપીણીના વિવિધ સ્ટોલ પર લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને બાળકો અને યુવાનોમાં વિવિધ રાઈડસ પ્રત્યે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિવિધ રાઈડ્સમાં બેસવા માટે લાંબી કતારો લાગી રહી છે અને પરિવારજનો સાથે આવેલા લોકો ઉત્સાહભેર મેળાની મોજ માણી રહ્યા છે. પંચકુંડે શ્રી નીલકંઠ મહાદેવના સાનિધ્યમાં નીલકંઠ યુવક મંડળના જગદીશભાઈ વાવડીયા અને હરેશભાઈ આખજા દ્વારા લોકમેળાનું સુંદર, સુવ્યવસ્થિત અને આગવું આયોજન કરવામાં આવ્યું છે. આયોજનની સુંદર વ્યવસ્થાના કારણે મોટી સંખ્યામાં લોકો શાંતિપૂર્ણ માહોલમાં પરિવાર સાથે મેળાનો આનંદ માણી રહ્યા છે. ધાર્મિક આસ્થા સાથે મનોરંજન અને લોકસંસ્કૃતિનો સમન્વય સર્જતા આ મેળાએ બાબરા પંથકમાં ઉત્સવનો માહોલ ઊભો કર્યો છે. પોલીસની ચુસ્ત વ્યવસ્થાથી મેળામાં સલામતીનો માહોલ મેળા દરમિયાન મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોવાથી બાબરા પોલીસ દ્વારા પણ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ આર.આર. પરમાર દ્વારા સમગ્ર મેળા દરમિયાન સતત રાઉન્ડ ધ કલોક પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. ટ્રાફિકનું નિયમન, ભીડનું વ્યવસ્થાપન તેમજ અસામાજિક તત્વો પર નજર રાખવા માટે પોલીસ ટીમ સતત સક્રિય છે. મેળા પરિસરમાં બે પોલીસ ચોકીઓ પણ ઉભી કરવામાં આવી છે, જેના કારણે કોઈપણ પ્રકારની સમસ્યા સર્જાય તો લોકોને તાત્કાલિક પોલીસ સહાય મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પોલીસની સતત હાજરી અને સતર્કતાથી મેળામાં આવતા લોકોમાં પણ સુરક્ષાની લાગણી જોવા મળી રહી છે. રવિવાર મોડી રાત સુધી ચાલનારા આ લોકમેળામાં હજુ પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે અને બાબરાનો નીલકંઠ મહાદેવ લોકમેળો ભક્તિ, આનંદ અને લોકઉત્સવનો સંગમ બની રહ્યો છે.

### કુદરતનો કારભારી જ સૌનો તારણહાર

## ભાદરવી અમાસે જન્મેલા વાછરડાનું રક્ષણ અને માનવ–સંવેદનાની અનોખી કથા

### સાવરકુંડલાની નાગનાથ સોસાયટીમાં રખડતી ગાયની પ્રસૃતિ

સાવરકુંડલા, તા. ૧૧

માનવજાત પોતાના ઘર, પરિવાર અને ભવિષ્યના ભરણપોષણ માટે ગમે તેટલા આયોજનો કરે, પણ અંતે તો આખી જીવસૃષ્ટિનો આધાર પરમ કૃપાળુ પરમાત્મા પર જ છે. આવી જ એક લાગણીસભર અને આધ્યાત્મિક બોધ આપતી ઘટના ભાદરવી અમાસના પવિત્ર દિવસે સાવરકુંડલા શહેરમાં આવેલ નાગનાથ સોસાયટી ખાતે સામે આવી છે.



શિવ મંદિરમાં આવેલ પીપળાના વૃક્ષને જળ અર્પણ કરવા જતાં શ્રદ્ધાળુઓ અને આસપાસના રહીશોએ સોસાયટીના જાહેર રસ્તા પર એક રખડતી ગાયને નવજાત વાછરડાને જન્મ આપતાં જોઈ. પ્રસુતિ બાદ તાજું જન્મેલું વાછરડું આંખો ખોલી ઊભું થવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહ્યું હતું. જન્મ–મૃત્યુ એ તો કુદરતી પ્રક્રિયા છે, પરંતુ ખુલ્લા રસ્તા પર જન્મેલા આ અસહાય વાછરડાને રખડતા કૂતરાઓના શિકારથી બચાવવું અત્યંત જરૂરી હતું.

આ પરિસ્થિતિ જોતાં જ આસપાસના પડોશીઓ અને શેરીજનો માનવતા દાખવી લાકડીઓ લઈને ખડેપગે સેવા માટે ઊભા રહી ગયા. લગભગ એકાદ કલાક સુધી વાછરડા અને ગાયની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવી. આ દરમિયાન ગાય અને વાછરડાના વારસદાર કે માલિકને શોધવાના પ્રયાસો શરૂ કરાયા, જેના સંદર્ભે સાવરકુંડલા નગરપાલિકાના પૂર્વ સદસ્ય પતિ કરશનભાઈ આલને પણ ફોન દ્વારા જાણ કરવામાં આવી.

થોડી વારમાં હાથમાં લાકડી સાથે એક ગોપાલક ત્યાં આવી પહોંચ્યા અને તેમણે ગાય પોતાની હોવાનો દાવો કર્યો. તેઓ નવજાત વાછરડાને વહાલથી બાથમાં લઈને ચાલતા થયા અને ગાય પણ મમતાભરી નજરે પોતાના સંતાનની પાછળ પાછળ ચાલવા લાગી. આ લાગણીસભર ક્ષણોએ ત્યાં ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા.

આ ઘટનાએ સૌને વિચારતા કરી મૂકયા છે કે 'કીડીને કણ અને હાથીને મણ' આપનારો એ સર્વશકિતમાન કુદરત જંગલ, કંદરા, સાગર અને વણ ખેડાયેલી ભૂમિ પરના દરેક જીવનું જતન કરે છે. માનવી ભલે એ અજ્ઞાનતામાં જીવે કે તેના વગર સૃષ્ટિ નહીં ચાલે, પરંતુ નરસિંહ મહેતાના કહ્યા મુજબ ''હું કરૂં હું કરૂં એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ ાન તાણે'' –કર્તાહર્તા તો માત્ર ઈશ્વર જ છે. જીવનનો ખરો સાર સમજવા માટે તો ગંગાસતીના કથન મુજબ ''વીજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ'' જેવા માત્ર એક ક્ષણના ઝબકારાની જ જરૂર હોય છે, જે વાલિયા લૂંટારા કે જેસલ જાડેજાને થયો હતો.

### પાના ૧ ઉપરનું ચાલું ગોપાલગ્રામનાં આધેડનું બાઈક

નંબર જી.જે.–૨૩ બીઆર–૦૩૫૭ લઈને પોતાના ઘરે જતા હતા. તે દરમ્યાન પોતે પોતાના હવાલાનુ મોટર સાયકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી મોટર સાયકલ ઉપરનો કાબુ ગુમાવી રોડ ઉપરના પુલ ઉપરથી નીચેની બાજુના ખાળીયામાં પડી જતા શરીરે, કપાળ ઉપર, માથાના ભાગે ગંભીર ઈજા થતા પોતે પોતાનુ જ મોત નિપજાવી દીધાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

**ધો. ૧૦ A1 ગ્રેડને – ધો. ૧૧ આર્ટસ કોમર્સ સાયંસ 100% સ્કૂલ ફી માફ – A2 ગ્રેડને 50% સ્કૂલ ફી માફ**

* A1 ગ્રેડને રૂા. ૧૦૦/– પ્રવેશ ફી ભરી – ધો. ૧૧ આર્ટસ કોમર્સ સાયંસ સ્કૂલ પ્રવેશ મળશે • A2 ગ્રેડને સત્રની અર્ધી ફી ભરી સ્કૂલ પ્રવેશ મળશે.
* સાયંસ A & B ગૃપ • કોમર્સ – સાયંસ બન્ને મિડીયમ • આર્ટસ ઈતિહાસ ભૂગોળ OR સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર • ગર્લ્સ સ્કૂલ બપોર – EM સ્કૂલ સવાર • મિશ્ર સ્કૂલ સવાર • હોસ્ટેલ ફકત ગર્લ્સ માટે • ત્રણેય સ્કૂલ પ્રવેશ ચાલુ

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત**
**શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી**
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી
Ad134

### પાના ૮ ઉપરનું ચાલું દામનગરમાં પરિણીતાએ

આપી આરોપીઓએ કાન ભંભેરણી કરતા આરોપીઓએ મરણજનારને શારીરિક માર મારી મુંઢ ઈજા કરી, આરોપીઓએ મરણ જનારને શારીરિક–માનસિક ત્રાસ આપી મરણ જનારને મરી જવા મજબુર કરતા મરણ જનાર ગોરલબેન સુસાઈડ નોટ લખી ગત તા. ૯ના રોજ સાંજના ચારેક વાગ્યા પહેલા કોઈપણ સમયે ગળાફાંસો ખાઈ લેતા મોત નિપજતા આરોપીઓએ મરણ જનાર ગોરલબેનને મરવા મજબુર કરી આપઘાત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### પાના ૧ ઉપરનું ચાલું કુંકાવાવ પાસે હીટ એન્ડ રન

તલસાણીયા (ઉ.વ. ૧૩) બંને ગઈ તા. ૮નાંસાંજનાસમયેબાઈકપરજતાહતા. હરેશભાઈ બાઈક ચલાવતા હતા દરમિયાન વાઘણીયાથી કુંકાવાવ તરફના રોડ પર અજાણ્યા વાહને ઠોકરે લેતા કાકા–ભત્રીજો બંને રોડ પર પટકાયાહતાઅનેબંનેનેગંભીરઈજાઓ પહોંચીહતી.

અકસ્માત બાદ ઈજાગ્રસ્ત કાકા–ભત્રીજાને સારવાર માટે પ્રથમ સ્થાનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સરકારીહોસ્પિટલમાંખસેડવામાંઆવ્યા હતા.અહીંસારવારદરમિયાનયુવાનહરેશ તલસાણીયાએહોસ્પિટલબીછાનેદમતોડી દીધો હતો. બનાવનાં પગલે હોસ્પિટલ ચોકીનાસ્ટાફેજરૂરીકાર્યવાહીકરીસ્થાનિક પોલીસને જાણ કરી હતી. અકસ્માતમાં યુવાનનુંમોતથતાંતલસાણીયાપરિવારમાં કાળોકલ્પાંતછવાઈગયોહતો.બીજીતરફ સ્થાનિક પોલીસે આ મામલે ગુનો નોંધવા અને યુવાનના બાઈકને હડફેટે લેનાર અજાણ્યાકારચાલકનેશોધીકાઢવાતપાસ હાથધરીછે.

### પાના ૮ ઉપરનું ચાલું રેતી ભરનાર ટ્રક ઝડપાયો

નિયમોનુસાર દંડાત્મક કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી છે.

મામલતદારના પત્રમાં જણાવ્યા મુજબ સલડી ગામે રોડ ઉપર સાદી રેતી ભરેલા ટ્રકને અટકાવી ચાલકની પૂછપરછ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રક ચાલક પાસે ફિઝિકલ રોયલ્ટી પાસ/પરવાનગી રજૂ કરવામાં આવી ન હતી. ત્યારબાદ વાહન માલિક દ્વારા પરવાનગી રજૂ કરવામાંઆવી હતી. રજૂ થયેલી પરમિટમાં ૧૦ ટન કવોરીની મંજૂરી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું.

જોકે ટ્રકમાં ભરેલા માલ–સામાનની પ્રાથમિક તપાસ કરતાં વાહન ઓવરલોડ હોવાનું જણાયું હતું અને પરમિટમાં દર્શાવેલી ક્ષમતા કરતાં અંદાજે બે ટન જેટલો વધુ માલ ભરેલો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી. જેના પગલે પ્રાથમિક કાર્યવાહી માટે ટ્રકને મામલતદાર કચેરી ખાતે લઈ જવામાં આવ્યો હતો.

આ દરમિયાન વાહન ચાલક ટ્રકને કચેરી ખાતે મૂકી જતો રહ્યો હોવાનું પણ પત્રમાં જણાવાયું છે. બાદમાં અન્ય ઈસમો કચેરી ખાતે હાજર થઈ વાહનની આર.સી. બુક તેમજ રોયલ્ટી પાસ રજૂ કર્યા હતા. તપાસ દરમિયાન ટ્રકમાં નંબર પ્લેટ પણ લગાવવામાં આવી ન હોવાનું સામે આવ્યું હતું.

લીલીયા ખાતે હાલમાં વે–બ્રિજ કાર્યરત ન હોવાથી વાહનનું વજન કરાવી શકાયું ન હતું. તેમ છતાં ટ્રકમાં ભરેલી રેતી પ્રાથમિક દ્રષ્ટિએ ઓવરલોડ હોવાનું જણાતાં રજૂ થયેલી રોયલ્ટી પરમિટ તથા અન્ય દસ્તાવેજોની વિશેષ ચકાસણી કરી નિયમ મુજબ દંડાત્મક કાર્યવાહી કરવા મામલતદારે ખનિજ વિભાગને જાણ કરી છે. હાલ આ ટ્રક લીલીયા પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. માઈન્સ એન્ડ મિનરલ્સરેગ્યુલેશન એકટ તેમજ ગુજરાત મિનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનિંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ, ૨૦૧૭ હેઠળ નિયમસર કાર્યવાહી કરવા ખાણ–ખનિજ વિભાગ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે

### દોઢ મહિનાથી મેઘરાજાની હાથતાળી

## સાવરકુંડલા : પાક નિષ્ફળ જવાની ભીતિ વચ્ચે ખેડૂતો ચિંતાતુર

### સમગ્ર વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માંગ

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા શહેર ખાતે છેલ્લા દોઢેક મહિનાથી વરસાદ ખેંચાતા ખેડૂતો અને પશુપાલકો પર ભારે આફત આવી પડી છે. આકાશમાં દરરોજ કાળા ડીબાંગ વાદળો ઘેરાય છે ખરા, પરંતુ વરસાદ વરસાવ્યા વગર જ મેઘરાજા હાથતાળી આપીને છટકી જાય છે. લાંબા સમયના વિરામને કારણે ઊભો પાક સુકાઈ રહ્યો છે અને ખેડૂતો આકાશ તરફ કાગડોળે વરસાદની રાહ જોઈ રહ્યા છે.

પ્રાચીન સમયમાં જયારે મેઘરાજા રૂઠતા ત્યારે તેમને મનાવવા માટે હોમ–હવન, જાપ અને દાન–દક્ષિણા જેવા ધાર્મિક અનુષ્ઠાનો કરવામાં આવતા હતા. સ્થાનિક લોકોમાં હવે આવા ધાર્મિક કાર્યો યોજવાની ચર્ચા પણ જાગી છે, પરંતુ આજના આધુનિક યુગમાં પર્યાવરણ સાથે થયેલા સતત ખિલવાડ અને 'અલનીનો' જેવી વૈકિ આબોહવાકીય અસરોના કારણે માત્ર હવનથી વરસાદ આવશે કે કેમ તે મોટો યક્ષ પ્રશ્ન બની ગયો છે.

હાલ ચોમાસું પાક સાવ નિષ્ફળ જવાની અણી પર પહોંચી ગયો છે. ખેડૂતો જણાવે છે કે જો અત્યારે એક પણ સારો સાર્વત્રિક વરસાદ પડી જાય, તો પાક સંપૂર્ણ ન બચે તો પણ મૂંગા પશુઓ માટે ઘાસચારા અને પીવાના પાણીની વિકટ સમસ્યા ઉકેલાઈ જાય તેમ છે.

લાંબા દુષ્કાળ જેવા માહોલને કારણે સમગ્ર કુંડલા પંથકના ખેડૂતોમાં ભારે નિરાશા અને ચિંતાનો વ્યાપ છે. ખેતીમાં કરેલો ખાતર, બિયારણ અને મજૂરીનો તમામ ખર્ચ માથે પડે તેવી સ્થિતિ નિર્માણ થઈ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારી તંત્ર તુરંત હરકતમાં આવે, સ્થળ તપાસ કરીને યોગ્ય સર્વે કરે અને સાવરકુંડલા પંથકને સત્તાવાર રીતે 'દુષ્કાળગ્રસ્ત' જાહેર કરીને ખેડૂતોને આર્થિક સહાય તથા રાહત આપવાની માંગ ઉગ્ર બની રહી છે.

### ધાર્મિક પ્રસંગો, વિવિધ સાંસ્કૃતિ કાર્યક્રમો સાથે

## અમરેલીના શ્રી નાગનાથ મહાદેવ મંદિરમાં ૧૨૭મા શ્રી સાર્વજનિક ગણેશોત્સવનું આયોજન

### ૧૪ સપ્ટેમ્બરથી ૨૫ સપ્ટેમ્બર સુધી ગણેશોત્સવ યોજાશે

અમરેલી, તા. ૧૧

અમરેલીના સુપ્રસિધ્ધ શ્રી નાગનાથ મહાદેવ મંદિરના પટાંગણમાં આગામી ૧૪ સપ્ટેમ્બર નેસોમવારથી ૨૫ સપ્ટેમ્બર સુધી સતત ૧૨૭માં સાર્વજનિક ગણેશોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.



ગણેશોત્સવ દરમિયાન ધાર્મિક પ્રસંગો અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે સવારે ૮ કલાકે અને સાંજે ૮ કલાકે આરતી યોજાશે અને દર્શન સવારના ૭.૩૦ થી બપોરના ૧૨.૧૦ સુધી અને સાંજના ૫ થી રાત્રિના ૧૧ સુધી રહેશે. સર્વે ગણપતી ભકતોને સાર્વજનિક ગણેશોત્સવનો લાભ લેવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# બાબરા : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસથી ૧૭ ઓકટોબર સુધી વિવિધ સેવાકીય અને જનજાગૃતિના કાર્યક્રમો યોજાશે


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગામી તા. ૧૭ સપ્ટેમ્બરના જન્મદિવસ નિમિત્તે સમગ્ર દેશ અને રાજયમાં ભાજપ સંગઠન તથા વહીવટી તંત્ર દ્વારા વિવિધ સેવાકીય કાર્યક્રમો સાથે 'સેવા સંકલ્પ અભિયાનની ઉજવણી કરવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનમાં સેવા અને સમર્પણના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આ અભિયાનને વધુ વ્યાપક બનાવવામાં આવ્યું છે. તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓકટોબર સુધી ચાલનારા આ એક માસીય અભિયાન અંતર્ગત બુથ સ્તર સુધી વિવિધ ૧૩ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમો દ્વારા વડાપ્રધાનના સેવા, સમર્પણ અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પને જનજન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે. અભિયાનના પ્રારંભિક કાર્યક્રમ તરીકે 'આશીર્વાદનો દિવડો યોજાશે, જેમાં લોકો પોતાના ઘરે દિવડો પ્રગટાવી, રંગોળી કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની શુભેચ્છાઓ તથા આશીર્વાદ પાઠવશે. આ ઉપરાંત '૨૫ કરોડ બાળકોના સપનાનું ભારત, 'નમો સેવા ગાથા, 'આંગણવાડી ઉત્સવ, 'પરિવર્તન વાર્તા સહિતના વિવિધ સેવાકીય, સામાજિક અને જન જાગૃતિના કાર્યક્રમો યોજાશે. આ સમગ્ર અભિયાનની બાબરામાં સુચારૂ અને વ્યાપક ઉજવણી થાય તે માટે આજે બાબરા શહેર ભાજપ દ્વારા સર્કિટ હાઉસ ખાતે અગત્યની બેઠક યોજાઈ હતી. બેઠકમાં મુખ્ય વકા તરીકે જિલ્લા ભાજપના કારોબારી સભ્ય ભૂપેન્દ્રભાઈ બસિયા તથા જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. બંને અગ્રણીઓએ શહેર ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓને સમગ્ર અભિયાનની વિગતવાર માહિતી આપી માર્ગદર્શન પૂરૂ પાડયું હતું. બેઠક દરમિયાન શહેર ભાજપ દ્વારા આગામી દિવસોમાં વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે યોજાનારા સેવા સંકલ્પ અભિયાનના તમામ કાર્યક્રમો સંગઠનની ભાવના સાથે અને વધુમાં વધુ લોકોની સહભાગિતા સાથે સફળતાપૂર્વક યોજાય તે માટે કાર્યકર્તાઓને જરૂરી માર્ગદર્શન અને જવાબદારીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં શહેર ભાજપ મહામંત્રી રમેશભાઈ સાંગડિયા, મહામંત્રી ધર્મેશભાઈ વાવડીયા, નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, ઉપપ્રમુખ યગ્નેશભાઈ શુકલ, પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, પ્રવિણભાઈ કરકર, પિન્ટુભાઈ જસાણી, ભૂપતભાઈ બસિયા, અશ્વિનભાઈ મકવાણા, કિસાન મોરચાના પ્રમુખ ચંદુભાઈ સાવલિયા સહિત શહેર ભાજપના અગ્રણીઓ, વિવિધ મોરચાના હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. શહેર ભાજપના આગેવાનો દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત યોજાનારા તમામ કાર્યક્રમોને સફળ બનાવવા તથા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સેવા, સમર્પણ અને રાષ્ટ્રનિર્માણના સંદેશને ઘર–ઘર સુધી પહોંચાડવા કાર્યકર્તાઓને સક્રિય રીતે જોડાવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# બાબરાના લોકમેળાનાં વેપારીઓને સ્થાનિકો સાંજે ભોજન આપી સેવા કરે છે






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા શહેરમાં પંચકુંડે શ્રી નીલકંઠ મહાદેવ મંદિરના પવિત્ર પ્રાંગણમાં વર્ષોથી યોજાતા ભાતીગળ લોકમેળામાં દૂરદૂરથી નાના અને ગરીબ વેપારીઓ રોજગારીની આશા સાથે આવી પાથરણા પાથરી પોતાની ચીજવસ્તુઓનું વેચાણ કરતા હોય છે. મેળા દરમિયાન આ વેપારીઓને કોઈ અગવડ ન પડે અને તેઓને ભોજન મળી રહે તેવા સેવાભાવ સાથે બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા ભાદરવી અમાસના પવિત્ર દિવસે અનોખી સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. લોકમેળામાં વેપાર અર્થે બેઠેલા આશરે ૫૦૦ જેટલા નાના અને ગરીબ વેપારીઓને સ્થળ પર જ જઈને પૂરી-બટેટાનું શાક તથા પુલાવ-ભાતનું ભોજન પીરસવામાં આવ્યું હતું. સેવાભાવી કાર્યકરોએ વેપારીઓ જયાં બેઠા હતા ત્યાં જ પહોંચી ડીસ આપી ભોજન કરાવી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડયું હતું. આ સેવાકીય કાર્ય બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજના પ્રમુખ પ્રતાપભાઈ દેવમુરારીના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું. આ પ્રસંગે તાલુકા મંડળના ખજાનચી રસિકભાઈ અગ્રાવત, બાબરા-અમરાપરા યુવા પાંખના પ્રમુખ કનુભાઈ દેવમુરારી, ઉપપ્રમુખ કિશનભાઈ વિષ્ણુ તેમજ સભ્ય પ્રવિણભાઈ કુબાવત સહિતના આગેવાનો અને કાર્યકરો સતત ઉપસ્થિત રહી વેપારીઓને સ્થળ પર ભોજન પીરસવાની સેવા બજાવી હતી. ઉલ્લેખનીય છે કે બાબરાની કૃષ્ણનગર સોસાયટી દ્વારા પણ છેલ્લા છ વર્ષથી ભાદરવી અમાસની આગલી રાત્રે લોકમેળામાં આવેલા નાના વેપારીઓ માટે પૂરી-શાક અને ખીચડીના ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. આ સેવાકીય પરંપરામાં પ્રકાશભાઈ જોગી, મનોજભાઈ કનૈયા, નરેશભાઈ દેસાઈ, બળવંતભાઈ ચાવડા, ધર્મેન્દ્રભાઈ વાવડીયા, ભાવેશભાઈ મિસ્ત્રી, સુનીલ વાસુદેવભાઈ વૈદ્ય સહિતના સેવાભાવી કાર્યકરો જહેમત ઉઠાવી વર્ષોથી સેવા આપી રહ્યા છે. બાબરાના લોકમેળામાં વેપાર કરવા આવતા નાના અને જરૂરિયાતમંદ વેપારીઓને ભોજન કરાવી રામાનંદી સાધુસમાજ તેમજ કૃષ્ણનગર સોસાયટી દ્વારા 'જન સેવા એ જ પ્રભુ સેવા'ના ભાવને સાર્થક કરવામાં આવ્યો છે. ધાર્મિક આસ્થા સાથે માનવસેવાને જોડતી આવી સેવાકીય પ્રવૃત્તિઓ સમાજમાં પરસ્પર સહકાર, સંવેદના અને સેવાભાવનો સુંદર સંદેશ આપી રહી છે.

### શ્રાવણી અમાસે ભક્તિનો પ્રચંડ ધોધ

# શ્રાવણના અંતિમ દિને ૧.૨૪ લાખ જેટલા ભાવિકોએ શ્રી સોમનાથ મહાદેવના દર્શન કર્યા

## જપાત્મક, અભિષેકાત્મક, અને હોમાત્મક પૂજાઓ સંપન્ન થઈ

અમરેલી, તા. ૧૧

પવિત્ર શ્રાવણ માસના અંતિમ દિવસે, શ્રાવણી અમાસના પાવન અવસરે પ્રથમ જયોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરે ભક્તિનો અફાટ સાગર ઉમટી પડયો હતો. વહેલી સવારથી જ શિવભક્તો લાંબી કતારોમાં ઊભા રહીને મહાદેવના દર્શનાર્થે પધાર્યા હતા. શ્રાવણના અંતિમ દિને સોમનાથ દાદાના દિવ્ય દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કરવા ૧.૨૪ લાખ જેટલા ભાવિકો પધાર્યા હતા. આખો દિવસ મંદિર પરિસર 'હર હર મહાદેવ' અને 'જય સોમનાથ' ના નાદથી ગુંજી ઉઠયું હતું.

વિશેષ ધાર્મિક અનુષ્ઠાનો અને પૂજાઓ, સોમનાથ મંદિર પરિસરમાં આખો દિવસ વૈદિક મંત્રોચ્ચાર અને શંખનાદનો ગુંજારવ રહ્યો હતો. દિવસ દરમિયાન મોટી સંખ્યામાં જપાત્મક, અભિષેકાત્મક, અને હોમાત્મક પૂજાઓ સંપૂર્ણ શ્રદ્ધા અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે સંપન્ન થઈ હતી. શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવેલી પૂજાના આંકડાઓ ભક્તિની સાક્ષી પૂરે છે. સોમનાથના ગગનચુંબી શિખર પર ભક્તો દ્વારા ભક્તિભાવપૂર્વક ૬૧ ધ્વજા પૂજા અર્પણ કરવામાં આવી હતી, શાસ્ત્રોક્ત વિધિથી ૬૯ સોમેશ્વર મહાપૂજા સંપન્ન થઈ હતી. ટ્રસ્ટ દ્વારા યોજાયેલ ૫૧ કુંડી મહામૃત્યુંજય યજ્ઞમાં ૧૯,૦૦૦ થી વધુ આહુતિઓ હોમવામાં આવી હતી, જેનાથી સમગ્ર વાતાવરણ પવિત્ર અને યજ્ઞમય બની ગયું હતું.

ભાવવિભોર કરનારી અમાસની પાલખીયાત્રાઃ ડાક-ડમઢ અને શરણાઈના સુર વચ્ચે જયારે સોમનાથ દાદા પાલખીમાં બિરાજમાન થઈને પરિસરમાં વિહાર કરવા નીકળ્યા, ત્યારે ઉપસ્થિત ભક્તો ભાવવિભોર થઈ ગયા હતા. વિશાળ સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ યાત્રામાં હર્ષોલ્લાસ સાથે જોડાયા હતા



અને દેવાધિદેવની એક દિવ્ય ઝલક પામીને કૃતાર્થ થયા હતા.

અન્નકૂટ શ્રૃંગારઃ શ્રાવણ રૂપી શિવોત્સવનું સમાપન સોમનાથ મહાદેવના અન્નકૂટ શ્રૃંગાર સાથે કરવામાં આવ્યું હતું. સોમનાથ મહાદેવને વિવિધ પ્રકારના મિષ્ઠાન, પકવાન સાથે અન્નકૂટ ભોગ ધરાવવામાં આવેલા.

આ શ્રૃંગારનો આધ્યાત્મિક સંદેશ એવો છે કે જે રીતે આહારમાં વિવિધ પ્રકારના સ્વાદરસ રૂચિ ઉત્પન્ન કરે છે તેજ રીતે જીવનમાં વિવિધ તબક્કાઓ અને પડકારો ચડતી અને પડતી જીવવાનો ઉત્સાહ જાળવી રાખે છે. ત્યારે જીવનની દરેક પરિસ્થિતિને મહાદેવનો પ્રસાદ માની અને સ્વીકારીને આગળ વધવુ એજ મનુષ્યનું કર્મ છે આ સંદેશ અન્નકૂટ શ્રૃંગારના માધ્યમથી ભક્તોએ ગ્રહણ કર્યો હતો.

આમ, ભક્તિના આ પ્રચંડ ધોધ સાથે આ વર્ષના પવિત્ર શ્રાવણ માસનીપૂર્ણાહુતિ શ્રી સોમનાથ તીર્થમાં અત્યંત દિવ્ય, ભવ્ય અને મંગલમય વાતાવરણમાં થઈ હતી.

# દામનગરમાં બનેલ નવા પુલની બંને બાજુ સ્પીડ બ્રેકર લગાવો



દામનગર, તા. ૧૧

દામનગરમાં ઠાસા રોડ ઉપર બેઠા નાળાની જગ્યાએ નવા બનાવેલ પુલની બંને બાજુ સ્પીડ બ્રેકર બનાવવા જરૂરી છે.

અંદાજે રૂ. અઢી કરોડનાં ખર્ચે બનાવેલ પુલ ઉપર આર.સી. સી. રોડ બનાવ્યો હોય વાહનચાલકો પૂરપાટ ઝડપે વાહનો ચલાવી લેતા હોય, અકસ્માત થવાની સંભાવના હોય બંને બાજુ સ્પીડ બ્રેકરો બનાવવામાં આવે એવી માંગ ઉઠી છે.

### મહાપ્રભુજીની ૬૭મી બેઠક બની આસ્થાનું કેન્દ્ર

# ઉના : શ્રાવણની તેરસથી અમાસ સુધી ગુપ્ત પ્રયાગમાં આસ્થાનો મહાકુંભ

## કુંડમાં જળ અર્પણ અને દીપ પ્રાગટય સાથે પિતૃઓનું સ્મરણ

ઉના, તા. ૧૧

ગીર સોમનાથઃ શ્રાવણ માસ એટલે ભગવાન પ્રત્યેની ભક્તિ, ધાર્મિક વિધિ અને વર્ષોથી ચાલી આવતી પરંપરાઓને નિભાવવાનો સમય. ગીર સોમનાથ જિલ્લાના ઉના ખાતે આવેલું ગુપ્ત પ્રયાગ પણ શ્રાવણ દરમિયાન વિશેષ ધાર્મિક આસ્થાનું કેન્દ્ર બને છે. અહીં શ્રાવણ માસની તેરસ, ચેદસ અને અમાસ દરમિયાન ત્રણ દિવસનો પરંપરાગત મેળો યોજાય છે. આ ત્રણ દિવસ દરમિયાન ઉના ઉપરાંત ગીર ગઢડા, દીવ અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગુપ્ત પ્રયાગ ખાતે પહોંચ્યા હતા.

ગુપ્ત પ્રયાગ ખાતે યોજાતો આ મેળો માત્ર ધાર્મિક વિધિ પૂરતો સીમિત રહેતો નથી, પરંતુ અહીં ભક્તિ સાથે લોકમેળાની રોનક પણ જોવા મળે છે. એક તરફ પિતૃઓના મોક્ષાર્થે કુંડમાં જળ અર્પણ અને દીપ પ્રાગટય માટે શ્રદ્ધાળુઓની ભીડ જોવા મળી હતી, તો બીજી તરફ વિવિધ રાઈડ્સ, ખાણીપીણીના સ્ટોલ અને રમકડાંની દુકાનોને કારણે મેળામાં ઉત્સવ જેવો માહોલ જોવા મળ્યો હતો.

**પિતૃઓના મોક્ષાર્થે કુંડમાં જળ અર્પણ**


ગુપ્ત પ્રયાગ ખાતે આવનાર શ્રદ્ધાળુઓ માટે પિતૃસ્મરણ સાથે જોડાયેલી ધાર્મિક વિધિનું વિશેષ મહત્વ જોવા મળે છે. શ્રાવણની તેરસ, ચેદસ અને અમાસ દરમિયાન લોકો પોતાના પિતૃઓના મોક્ષાર્થે પવિત્ર કુંડમાં જળ અર્પણ કરે છે.

શ્રદ્ધાળુઓ પરિવારના દિવંગત સ્વજનોને યાદ કરી ધાર્મિક વિધિ કરે છે અને દીવો પ્રગટાવી પિતૃઓની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે. આ પરંપરા સાથે જોડાયેલી આસ્થાના કારણે ત્રણેય દિવસ દરમિયાન ગુપ્ત પ્રયાગ ખાતે મોટી સંખ્યામાં લોકો જોવા મળ્યા હતા.

વહેલી સવારથી જ લોકો પરિવાર સાથે ગુપ્ત પ્રયાગ ખાતે પહોંચતા હતા. કુંડ પાસે ધાર્મિક વિધિ કરતા લોકો, દીપ પ્રગટાવતા શ્રદ્ધાળુઓઅને પૂજા-અર્ચનાના દશ્યો સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી રહ્યા હતા.

**મહાપ્રભુજીની ૬૭મી બેઠકનું વિશેષ મહત્વ**

ગુપ્ત પ્રયાગની ધાર્મિક ઓળખમાં અહીં આવેલી મહાપ્રભુજીની ૬૭મી બેઠક પણ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. મેળા દરમિયાન આ બેઠક ખાતે દર્શન માટે પણ શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા.એક તરફ પવિત્ર કુંડમાં જળ અર્પણ કરી પિતૃમોક્ષની પ્રાર્થના

તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.

કરવામાં આવી રહી હતી, તો બીજી તરફ મહાપ્રભુજીની ૬૭મી બેઠક પણ શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર બની હતી.

ગુપ્ત પ્રયાગ ખાતે ધાર્મિક પરંપરા અને લોકઆસ્થાના આ વિવિધ પાસાં એક જ સ્થળે જોવા મળતા હોવાથી શ્રાવણના દિવસોમાં અહીંનું મહત્વ વધુ વધી જાય છે.

**ઉના, ગીર ગઢડા અને દીવથી પહોંચ્યા લોકો**

આ મેળામાં માત્ર ઉના શહેર કે આસપાસના ગામોના લોકો જ નહીં, પરંતુ ગીર ગઢડા અને દીવ સહિતના વિસ્તારોમાંથી પણ લોકો પહોંચ્યા હતા.

ઘણા શ્રદ્ધાળુઓ પરિવાર સાથે પિતૃઓની ધાર્મિક વિધિ માટે આવ્યા હતા. કેટલાક લોકો ગુપ્ત પ્રયાગના ધાર્મિક સ્થળના દર્શન માટે પહોંચ્યા હતા. ત્રણ દિવસ દરમિયાન અલગ-અલગ સમયે લોકોની અવરજવર ચાલુ રહેતાં સમગ્ર વિસ્તાર ધમધમતો જોવા મળ્યો હતો.

**ધાર્મિક આસ્થા સાથે મેળાની મોજ પણ**

ગુપ્ત પ્રયાગ ખાતે ધાર્મિક માહોલની સાથે મેળાની રોનક પણ જોવા મળી હતી. બાળકો અને પરિવારો માટે વિવિધ પ્રકારની રાઈડસ ઉભી કરવામાં આવી હતી. રાઈડસમાં બેસવા માટે બાળકોમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો.

મેળા પરિસરમાં વિવિધ ખાણીપીણીના સ્ટોલ પણ ઉભા કરવામાં આવ્યા હતા. પરિવાર સાથે મેળામાં આવેલા લોકો દ્વારા ખાણીપીણીની વસ્તુઓની મજા માણવામાં આવી હતી.આ ઉપરાંત રમકડાંની દુકાનો પણ બાળકો માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બની હતી. રમકડાં ખરીદવા માટે બાળકો સાથે પરિવારજનોની પણ ભીડ જોવા મળી હતી.આમ, ગુપ્ત પ્રયાગનો મેળો ધાર્મિક વિધિની સાથે પરિવાર માટે મનોરંજન અને ખરીદીનું પણ સ્થળ બન્યો હતો.

**મોટી ભીડ વચ્ચે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત**

ત્રણ દિવસીય મેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ઉના પોલીસ દ્વારા ખાસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

મેળામાં ૧ પોલીસ ઈન્સ્પેકટર, ૩ પોલીસ સબ ઈન્સ્પેકટર, ૫૮ પોલીસ કર્મીઓ, ૧૦૦ જીઆરડી જવાનો, ૨૨ હોમગાર્ડ જવાનો અને આશરે ૧૫ ટીઆરબી જવાનો સહિતનો બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો.

પોલીસ સહિતના સુરક્ષા જવાનો સતત ત્રણ દિવસથી મેળામાં ફરજ બજાવી રહ્યા હતા. મેળામાં મોટી સંખ્યામાં લોકોનીઅવરજવર વચ્ચે ભીડનું સંચાલન, કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સતત દેખરેખ રાખવામાં આવી હતી.

મેળાના વિવિધ સ્થળો પર પોલીસ અને સુરક્ષા કર્મીઓની હાજરી જોવા મળી હતી. લોકોની અવરજવર સરળતાથી થાય અને ધાર્મિક સ્થળો તથા મેળાના વિસ્તારોમાં વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

**સેવા અને શ્રદ્ધાનો પણ સંગમ**

મેળામાં મોટી સંખ્યામાં આવતા શ્રદ્ધાળુઓ માટે સેવાભાવી લોકો પણ પોતાની સેવા આપી રહ્યા હતા. ત્રણ દિવસ દરમિયાન આવતા લોકોની સુવિધા અને જરૂરી સહયોગ માટે સ્થાનિક સ્તરે સેવા આપતા લોકો જોડાયા હતા.આ સેવાના કારણે ધાર્મિક આસ્થા સાથે માનવસેવાનો સંદેશ પણ જોવા મળ્યો હતો.

**બાળકો માટે મોજ, વડીલો માટે આસ્થા અને પરિવાર માટે મેળો**

ગપ્ત પ્રયાગના આ મેળાની ખાસિયત એ રહી કે અહીં અલગ-અલગ ઉંમરના લોકો માટે અલગ પ્રકારનો અનુભવ જોવા મળ્યો હતો. વડીલો અને શ્રદ્ધાળુઓ માટે પિતૃમોક્ષ અને ધાર્મિક વિધિ મહત્વપૂર્ણ રહી હતી, જયારે બાળકો માટે રાઈડ્સ અને રમકડાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. પરિવારો માટે ધાર્મિક દર્શન સાથે મેળાની મોજ માણવાની તક મળી હતી. જેના કારણે ત્રણ દિવસ દરમિયાન ગુપ્ત પ્રયાગ ખાતે ભક્તિ અને ઉત્સવનો અનોખો માહોલ જોવા મળ્યો હતો.

# અમરેલી જિલ્લાની બાલભવન ૧૦૮ની ટીમે ખેતરમાં કરાવી હાઈ-રિસ્ક નોર્મલ ડિલિવરી, માતા અને બાળકનો બચાવ્યો જીવ

અમરેલી, તા. ૧૧

માનવતા અને ત્વરિત સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂ પાડતા અમરેલીની ૧૦૮ ઈમર્જન્સી ટીમ દ્વારા એક ગર્ભવતી મહિલાની ખેતરમાં જ સુરક્ષિત અને સફળ પ્રસુતિ કરાવવામાં આવી છે. અમરેલી બાલભવન ૧૦૮ની ટીમની આ તત્પરતાને કારણે માતા અને નવજાત બાળક બંને હાલ સંપૂર્ણ સ્વસ્થ છે.

બનાવની વિગત મુજબ અમરેલી જિલ્લાના એક વિસ્તારમાંથી ૧૦૮ બાલભવન લોકેશન અને ઈમર્જન્સી સગર્ભા મહિલાની પ્રસુતિ અંગેનો ઈમરજન્સી કોલ મળ્યો હતો. કોલ મળતાની સાથે જ બાળભવન ૧૦૮ની ટીમ મિનિટોની અંદર ઘટના સ્થળે પહોંચી ગઈ હતી જોકે, હોસ્પિટલ પહોંચે તે પહેલા જ મહિલાને પ્રસુતિનો



અસહ્ય દુઃખાવો ઉપડયો હતો અને સ્થિતિ 'હાઈ રિસ્ક' બની ગઈ હતી.

બાળકનું માથું બહાર આવી ગયું હોવાથી સમય બગાડયા વિના ૧૦૮ના ઈ.એમ.ટી. વિશાલ પડસાલા અને પાયલોટ દિનેશભાઈ ચૌહાણે સમય સૂચકતા વાપરીને ખેતરમાં જ ડિલિવરી કરાવવાનો નિર્ણય લીધો હતો. આ કપરી પરિસ્થિતિમાં ટીમે કુશળતાપૂર્વક ખેતરમાં જ મહિલાની નોર્મલ ડિલિવરી કરાવી હતી.

આ સાથે જ અમદાવાદ સ્થિત ૧૦૮ હેડ ઓફિસના કોલ સેન્ટર પર હાજર ફિઝિશિયન (ડોકટર)ની ઓન-લાઈન સલાહ અને માર્ગદર્શન હેઠળ માતાને જરૂરી ઈન્જેકશન પણ આપવામાં આવ્યું હતું. પ્રાથમિક સારવાર બાદ માતા અને બાળક બંનેને સહી-સલામત રીતે સિવિલ હોસ્પિટલ અમરેલી ખાતે ખસેડવામાં આવ્યા છે.

૧૦૮ની ટીમની આ કપરી સમયની કામગીરી અને દેવદૂત સમાન સેવાથી પ્રભાવિત થઈને દર્દીના સગા- સંબંધીઓએ ટીમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



ચલાલા અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૯૪મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષની કચેરી ગાંધીનગર તથા જીલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ દવાખાનું ચાડીયા તથા સરકારી હોમિયોપેથીક દવાખાનું જનરલ હોસ્પિટલ અમરેલીના સંયુક્ત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ સંત ડો.રતિદાદાના આશીર્વાદથી મંગલ દિપ પ્રાગટય દ્વારા થયો હતો. બધાને સારૂ થઈ જાય, બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી સાથે વ્યસન મુક્ત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી-મળીને રહેવું જેવી વાત કેમ્પ દરમિયાન કરવામાં આવી હતી. રાજાહ હલાઈના ચોથા જન્મદિવસ નિમિત્તે ભાવિક હલાઈ અને કરૂણા હલાઈના આર્થિક સહયોગથી, શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ-રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ૫૧ દર્દીઓને શ્રીરણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. (આનાથી મોટાનું ચિન) નેત્રયજ્ઞમાં અનેક દર્દીઓને આંખની તપાસ પણ વિનામૂલ્યે કરી આપવામાં આવી. - દંતયજ્ઞમાં ડા. ઈશાબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી.(આનાથી મોટાનું ચિન) આયુર્વેદિક કેમ્પમાં ડો.આરતીબેન એ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી.આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ, મંજુબા તથા શીતલબેન સહીત સ્ટાફગણે ખુબ જહેમત ઉઠાવી હતી.

